# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA

Since 1925... — સળંગ વર્ષ ૯૫મું


FORTNIGHTLY

Volume : 22 • Issue 21 • Pages 25 • Mumbai Dated : 5th June 2020 • Yearly Subscription Rs.50/-

E Issue — Visit us at : www.prakashsamiksha.com • kdoprakash@gmail.com


TAKE CARE

STAY SAFE







## ભારત સરકારના આયુષ મંત્રાલયના સૂચનો

**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
ડૉ. હિરાચંદ દામજી દંડ

**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના
ઉદયન લાલજી લોડાયા
મુકેશ ભવાનજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હિરાચંદ દામજી દંડ
માનદ્મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા

**: ઑડીટર્સ :**
CA હિતેશ મણીકાંત ધરમશી

અંક નં.૨૧
તારીખ : ૦૫-૦૬-૨૦૨૦

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. CHINTAN GRAPHICS**
Dr. Babasaheb Ambedkar Chowk,
90ft Garage Lane,
Opp. Shastri Nagar, Pant Nagar,
Ghatkopar (E), Mumbai - 400075.
Tel.: 022-2508 4463/64/65
E-mail : kdoprakash@gmail.com

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
022-2508 4463/64/65
Mob.: 98211 54326

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com

**તંત્રી સ્થાનેથી**

# પરિવર્તનને આગળ વધારીએ

કોવિડ-૧૯એ આપણા જીવનમાં મોટું પરિવર્તન લાવી દીધું છે. છેલ્લા થોડાક અઠવાડિયાઓમાં આપણી જીવનશૈલી સાથે સાથે વિચારો પણ બદલાયા છે. આપણે અનુભવ્યું કે એવા ઘણા બધા રોજીંદી કાર્યો છે જે મુસાફરી કર્યા વિના, ઘેરબેઠાં પણ થઈ શકે છે. ઈન્ટરનેટનો સાચો અને ફાયદાકારક ઉપયોગ આપણને હવે સમજાયો છે.

હમણાં ઘણા પરિવારોના મેળાવડા ઝુમ, વેબેક્સ, મીટ, ગુગલ ડુઓ જેવા એપ ઉપર થઈ રહ્યા છે. કાકાઈ-મામાઈ પરિવારજનો જે વર્ષોથી 'ફેસ ટુ ફેસ' નથી મળ્યા તેઓ ટેક્નોલોજીના માધ્યમથી એપ ઉપર મળી રહ્યા છે. આપણને સમજાયું છે કે દુનિયા પરિવર્તિત થઈ રહી છે એટલે હવે આપણે પણ બદલાવું જોઈએ અને ટેક્નોલોજીના ફાયદાઓનો લાભ લેવો જોઈએ.

મુંબઈ મહાજન દ્વારા તા.૧૬-૫-૨૦ના ઓનલાઈન સગપણ સેતૂ યોજવામાં આવેલ. જેમાં ૧૭૯ જેટલા ઉમેદવાર યુવક-યુવતીઓએ ભાગ લીધો હતો. થોડાક મહિના અગાઉ કોઈએ વિચાર્યું પણ નહોતું કે સગપણ સેતૂ ઓનલાઈન પણ યોજી શકાય છે.

તેવી જ રીતે તા.૩૧-૫-૨૦ના ૯૯ કરોડથી વધુ નવકાર મંત્રના જાપ ઓનલાઈન કરવામાં આવ્યા. ૧-૬-૨૦ના રોજ ભાંડુપ દેરાસરનો ધજા મહોત્સવ જેમાં મર્યાદિત સંખ્યામાં જ્ઞાતિજનોની ઉપસ્થિત હતી તે પણ ઓનલાઈન ઉજવવામાં આવ્યો.

તા.૨૩ ઓગસ્ટથી પર્યુષણ પર્વનો પ્રારંભ થઈ રહ્યો છે. વિવિધ દેરાસરોના ટ્રસ્ટીશ્રીઓ તથા ગામોના મહાજનોએ જરા અલગ રીતે વિચારીને કચ્છના વતનના ગામોની સાથે સાથે સમગ્ર ક.દ.ઓ. જ્ઞાતિજનોને અને સર્વે જૈનોને પણ સાથે જોડવા આયોજન કરવું રહ્યું. દરેક દેરાસરોમાંથી પર્યુષણ પર્વ દરમ્યાનના વિવિધ પ્રસંગો અને ઉજવણીઓનું જીવંત પ્રસારણ થાય એ માટે વ્યવસ્થા ગોઠવવી જોઈએ જેથી દરેક જૈન પોતાના ઘરે રહીને પણ દર્શન-વંદનનો લાભ લઈ શકે. ભૂતકાળમાં કેટલાક દેરાસરોએ આવું આયોજન કરેલું એને અનુસરી અન્ય દેરાસરોએ પણ અગાઉથી જીવંત પ્રસારણ માટે તૈયારી કરવી જોઈએ. જો આગોત્તરી વ્યવસ્થા ગોઠવશું તો દરેક દેરાસરોની આંગીના દર્શન થઈ શકશે. વ્યાખ્યાનોનું પણ પ્રસારણ થાય તો બધા ઘેરબેઠા લાભ લઈ શકે. તે ઉપરાંત વિવિધ ચડાવાઓ પણ ઓનલાઈન થઈ શકે.

કેન્દ્ર સરકાર અને દરેક રાજ્યની સરકારોએ લોકડાઉન ક્રમશ દૂર કરવાનું જાહેર કર્યું છે. કારણ કે જનતાને હવે વધુ સમય સુધી સાચવવી સરકારો માટે મુશ્કેલ છે. આ પરિસ્થિતિમાં આપણે પોતાની જાતને કોરોનાથી બચાવવા મુસાફરીને ટાળવી, ભીડવાળી જગ્યાએ ન જવું તથા જરૂરી સોશ્યલ ડીસ્ટન્સ જાળવવું જરૂરી છે. આયુષ મંત્રાલયના સૂચનોનો અમલ કરી રોગ પ્રતિકાર શક્તિ જાળવવા પ્રયત્ન કરવો જોઈએ તથા આહાર વિહારની કાળજી લેવી જોઈએ. કોરોનાથી બચવાના ઉપાયો જ આજના સમયની માંગ છે.

હાલના સંજોગોમાં વયસ્કો પોતાના ગામ જાય અને પર્યુષણ પર્વની આરાધના કરવાનું આયોજન કરી શકે એ શક્ય નથી લાગતું. કારણ કે બસ કે ટ્રેનમાં મુસાફરી કરતી વખતે સોશ્યલ

## પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

### કલર પાનાની જાહેરાત

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

### બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

### જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

ડીસ્ટસીંગ નથી થઈ શકતું. કેટલીક વખત વિમાનમાં પણ નથી થતું. એટલે જો તેઓ પણ ટેકનોલોજીના ઉપયોગથી ઓનલાઈન આયોજનનો આનંદ માણી શકશે તો તેઓ મુસાફરીને ટાળશે જે તેમના આરોગ્ય માટે હિતકારી બની રહેશે.

નવી યુવા પેઢીના ટ્રસ્ટીશ્રીઓ આગળ આવશે અને નવા વિચારો તથા ટેકનોલોજીના માધ્યમથી બધાને ઉજવણીમાં સહભાગી બનાવશે તો પરિવર્તન ફળદાયી બનશે.

**– ડૉ. હિરાચંદ દંડ – 7738508150**

## શ્રી ક.દ.ઓ.મુંબઈ મહાજન દ્વારા શાલીભદ્ર સહાય યોજના

કોવિડ-૧૯ના કારણે અસરગ્રસ્ત બનેલા અને જેમને આર્થિક મદદની જરૂર છે એવા ભારતભરમાં ક્યાંય પણ વસતા ક.દ.ઓ.જ્ઞાતિજનો માટે સહાય રૂપ થવા શ્રી મુંબઈ મહાજન 'શાલીભદ્ર સહાય યોજના' સાથે આગળ આવ્યું છે. આ કદાચ પ્રથમ વખત થયું છે કે જ્યારે મુંબઈ મહાજને પોતાના કાર્યક્ષેત્રને મુંબઈ બહાર વિસ્તારિત કર્યું છે.

શાલીભદ્ર સહાય યોજના અન્વયે જરૂરતમંદ પરિવારને પરિવાર દીઠ રૂા.૧૦૦૦/-+ પરિવારના સભ્યદીઠ રૂા.૫૦૦/-+પરિવાર લીવ લાયસન્સમાં રહે છે તો રૂા.૫૦૦/- મુજબ ત્રણ મહિના માટે (મે-જૂન-જુલાઈ) સહાયતા આપવામાં આવે છે. અત્યાર સુધી લગભગ ૯૦૦ પરિવારોએ સહાય માટે અરજી કરી છે અને મહાજન દ્વારા તેમને મે મહિનાની સહાય મોકલી આપવામાં આવી છે. મુંબઈ મહાજનને અત્યાર સુધી શાલીભદ્ર સહાય યોજના માટે રૂા.૭૫ લાખ જેટલું દાન પ્રાપ્ત થયું છે. શ્રી અનંતનાથજી ટ્રસ્ટ તરફથી રૂા.૧૧ લાખ, માતુશ્રી તારાબેન માણેકજી મોતા પરિવાર તરફથી રૂા.૫ લાખ, માતુશ્રી દમયંતીબેન રતનશી લોડાયા પરિવાર તરફથી રૂા.૫ લાખ તથા શ્રી શીવજી કુંવરજી વિકમશી પરિવાર તરફથી રૂા.૫ લાખ ઉપરાંત અન્ય ૧૮૦ જેટલા દાતાશ્રીઓએ ઉદાર દાન આપ્યું છે. મુંબઈ મહાજને સમયસર પગલા લઈ જરૂરતમંદ જ્ઞાતિજનોને સહાય પહોંચાડવાનું સ્તુત્ય પગલું ભર્યું છે જેને સૌએ આવકાર્યું છે.

# 'પ્રકાશ-સમીક્ષા' આપને પોસ્ટ દ્વારા મોકલાતું રહે એમ ઈચ્છો છો ?

**તો નીચેનું ફોર્મ ભરીને ઈમેઈલ દ્વારા kdoprakash@gmail.com,**
**વોટ્સએપ નં. 9372300236 ઉપર અથવા કાર્યાલયના સરનામે મોકલી આપવા વિનંતી છે.**

પ્રકાશ સમીક્ષા મેમ્બરશીપ નં. ______________________ વસ્તીપત્રક નં. ______________

નામ ______________________________________ વતનનું ગામ ______________

સરનામું ______________________________________________________________

______________________________________________________________________

મોબાઈલ નં. ______________ ઈમેઈલ ______________ ફોન નં. ______________

**કાર્યાલય : મધુ એન્ટરટેન્ટમેન્ટ એન્ડ મિડિયા લિમિટેડ,**
એ-૭૦૪, રેમી બિઝકોર્ટ, વીરા દેસાઈ રોડની નજીક,
અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૫૩.

**લી. શ્રી ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા સમિતિ**


*With Best Compliments from*

BLUE MOON GROUP

REAL ESTATE CONSULTANTS | INVESTMENT CONSULTANTS | INTERIOR DESIGN | TAX ADVISORS | ACCOUNTING SERVICES

TILAK SHAH
PARSHWANATH
ENTERPRISE PVT. LTD.
99309 82061 / 91672 44022
tilakshah60@yahoo.co.in
Veeran Shah - 99304 75442

CONTACT FOR
Buying, Selling or on Leave & Licence of Flats, Shops, Bunglows, Plots etc. anywhere in Mumbai including Sion, Matunga, Wadala, Dadar, Mulund & Thane.

AVANI YASHWIN
HAPPY IN THE HEAD STUDIO
HAIR CUTS • COLOUR • STYLING • MAKE UP
98196 22325
happyintheheadstudio@gmail.com

ADDRESS
Shop No. 1, B Wing, Mangal Kunj Bldg., Junction of 32 and 36 Road, National College Lane, Off Linking Road, Bandra (W), Mumbai - 400 050

# ઘર–સુખઃ દુઃખનો સાક્ષી અને સાથી

ટી.વી. પર એક સિમેન્ટ કંપનીની હિન્દીમાં જાહેરાત આવે છે, જેમાં એક નવયુવાન મકાન બાંધવા માટે એક પ્લોટ પસંદ કરે છે, અને તેના વડીલને આ બાબત વાત કરે છે. વડીલ કહે છે પહેલાં પ્લોટ જોઈ આવીએ પછી આગળ વાત વિચારશું. પછી તેઓ પ્લોટ જોવા માટે આવે છે. તે પ્લોટ રેલ્વે લાઈનની સાવ પાસે હોય છે, અને જોગાનુંજોગ તેજ સમયે ત્યાંથી ટ્રેન પસાર થાય છે, ત્યારે તે પ્લોટ પર જે નાનું મકાન હતું તે ધ્રુજવા લાગે છે. વડીલ કહે છે કે અહીં મકાન બનાવવું અશક્ય છે. પણ યુવાનને તે પ્લોટ ખુબ જ પસંદ હોવાથી તે સિમેન્ટ કંપનીના એન્જીનીઅરની સલાહ લે છે, જે કહે છે કે અમારી કંપનીની સિમેન્ટના સુક્ષ્મ કણો બહુજ મજબૂતાઈથી એકબીજાને પકડી લે છે તેથી મકાન બાંધવામાં કોઈ વાંધો નહીં આવે. અને પછી તે જ પ્લોટ પર એક સુંદર પાકું મકાન બની જાય છે. પછી વડીલ તે યુવાનને કહે છે કે .... **सीमेंटने तेरा घर तो बना दिया अब बसा भी ले.** અહીં મકાન (HOUSE) અને ઘર (HOME) માટે એક જ શબ્દ ઘર વાપરેલ છે, જે ઘણી વાર વપરાય છે અને લેખ કે વાતના સંદર્ભમાં વાંચક કે સાંભળનાર તેને મકાન અથવા ઘર સમજી જ જાય છે. અહીં આ એક જ શબ્દ 'ઘર'નો એક જ વાક્યમાં એવો સુંદર પ્રયોગ થયો છે કે તે મકાન (HOUSE) અને ઘર (HOME) બંને માટે અદભુત રીતે કામ કરે છે. આજ ભાષાની સુંદરતા છે. અંગ્રેજી ભાષામાં પણ એક સુંદર કહેવત છે Man makes a house and woman makes it a home. મતલબ કે સ્ત્રી મકાનને ઘર બનાવે છે. જોકે હાલના વાતાવરણમાં આ કહેવતને થોડી બદલીને એમ કહેવું વધારે યોગ્ય રહેશે કે A man makes a house, woman makes it a home and the family makes it a complete home. (Analogy to a textile company's ad THE COMPLETE MAN).

જ્યાં સુધી પરિવાર મકાનમાં રહેવા નથી આવતો ત્યાં સુધી તે મકાન જ રહે છે ત્યાર બાદ તે ઘર બને છે. એટલે જ એવું કહેવાય છે કે નવા મકાનનું વાસ્તુ પૂજન છે; નહીં કે નવા ઘરનું વાસ્તુપૂજન છે. ત્યાર પછી કોઈ તમને મળવા માટે આમંત્રણ આપે તો એમ કહે કે ઘરે આવજો નહીં કે મારા મકાન પર આવજો. એટલે પરિવાર જ મકાનને ઘર બનાવે છે.

ઘર એ દરેક મનુષ્ય માટે મૂળભૂત જરૂરિયાત હોવા ઉપરાંત કંઈક વિષેશ હોય છે. મનુષ્યનો ઘર સાથે એક લાગણીનો, પ્રેમનો, ભાવનો, મહોબતનો કે અહેસાસનો સંબંધ હોય છે. ઘર એ સિમેન્ટ, રેતી, લોખંડ જેવી નિર્જીવ વસ્તુઓનું બનેલું નથી હોતું, તે મકાન હોય છે. ઘર સાથે મનુષ્યના આયુષ્યના કેટલાક તબક્કા જેમકે બાળપણ, યુવાની અને વૃદ્ધાવસ્થાની યાદો, વડીલોના અથાક મહેનત અને સંઘર્ષની કથા તથા કેટલીક વાર પ્રતાપી પૂર્વજોનો ઇતિહાસ પણ જોડાયેલો હોય છે. **ઘર એ એક સ્મૃતિ છે, સુખઃ દુઃખ નો સાક્ષી, સાથી અને સધિયારો છે, એક ઈતિહાસ છે, એક સિદ્ધિ છે.** એટલે જ ઘર વિષય પરથી અનેક કહેવતો, વાર્તાઓ, ફિલ્મો, નાટકો, ટી.વી. સિરિયલો અને લેખો લખાય છે. મનુષ્ય ઉપરાંત પશુ, પંખી અને કેટલાક જીવજંતુઓ પણ પોતાના માટે આવાસ કે રહેઠાણ બનાવે છે. મારા એક સાહિત્ય પ્રેમી મિત્ર એ પોતાની પુત્રીના લગ્નની કંકોત્રીમાં હિન્દી ફિલ્મના એક ગીતની પંકતિ **दो पंछी दो तिनके लेके देखो चले है कहाँ, ये बनायेंगे एक आशियाँ** ઉમેરી હતી.

લગભગ પાંચ છ દાયકાઓ પહેલાં પોતાનું મકાન કે ઘર (ફ્લેટ,બ્લોક, ચાલીનું મકાન કે બંગલો) બનાવવું એ એક ખુબ જ દુષ્કર, મુશ્કેલ અને પડકાર જેવું કાર્ય ગણાતું. ખાસ કરીને મુંબઈ કે તેના જેવા અન્ય શહેરોમાં તો એવું કહેવાતું કે 'શહેરમાં રોટલો મળે પણ ઓટલો ના મળે'. ***એ જમાનામાં ઘર બનાવવું વધારે અઘરું હતું, નહીં કે ઘર વસાવવું. એટલે જ આપણા પ્રતાપી અને દીર્ઘદર્ષ્ટિ વાળા પૂર્વજોએ અનંત નિવાસ, અનંત છાયા અને અનંત સિદ્ધિ જેવા રહેઠાણ માટેના પ્રકલ્પો જ્ઞાતિજનો માટે બનાવ્યા.*** જો કે કેટલાક એવા કિસ્સાઓ પણ જાણવા મળે છે કે જેમાં યોગ્ય રહેઠાણ ન હોવાના કારણે લગ્નો મોડા થયા. પણ એકંદરે ત્યારે ભૌતિક સુખ સગવડો કરતાં પરિવારની શાખ અને ખાનદાનીને વધારે મહત્વ અપાતું. જયારે આજે નાનું કુટુંબ, ઉચ્ચ આવક, સરકારી કે બેન્કની લોનની સગવડ, સરકારની 'અફોર્ડબલે હાઉસીંગ સ્કીમ' જેવી સગવડોના કારણે ઘર કે મકાન પ્રાપ્ત કરવું અગાઉના પ્રમાણમાં થોડું સહેલું થઇ ગયું છે. પણ તેની સામે ને સાથે આધુનિક અને ભૌતિક સુખ સગવડો તથા ઉચ્ચ આવકની અપેક્ષાઓના અતિરેકના કારણે તથા કારકિર્દીને પ્રાધાન્ય આપીને કેટલાક મહત્વાકાંક્ષી યુવાન અને યુવતીઓ લગ્ન કરવાનું ટાળે છે જેના કારણે ઘર વસાવવું અઘરું થઇ ગયું છે.

મકાન બનાવવા માટે સિમેન્ટ, પથ્થર, ઈંટ, રેતી, કપચી, લોખંડ, લાકડા, ચુના અને રંગ કે કલર જેવા તદ્દન ભિન્ન પ્રકારના અને ગુણધર્મો વાળા પદાર્થોની જરૂરત પડે છે, જે નિર્જિવ કે જડ પદાર્થો છે, તેથી ઉત્તમ ગુણવત્તાવાળી સિમેન્ટ તેમને એકત્રિત કરી રાખવામાં મહદ્ અંશે સફળ રહે છે, અને તે સૌને જોડવાનું અને જોડી રાખવાનું કામ મુખ્યત્વે સિમેન્ટ કરે છે, એટલે જ આ લેખ ના પ્રારંભમાં સારી સિમેન્ટના વપરાશના કારણે ***દેખીતી રીતે અયોગ્ય લાગતી જગ્યાએ***

***અશક્ય લાગતું ઘરનું બાંધકામ શક્ય બન્યું*** તેનો ઉલ્લેખ કરેલ છે. કોઈ પણ બાંધકામની મજબૂતી માટે બાંધકામમાં ઉત્તમ અને સારી ગુણવત્તા વાળા પદાર્થો વાપરવા ઉપરાંત તે બાંધકામને થોડા દિવસો સુધી પાણી છાંટીને ક્યોરીંગ કરવું અત્યંત જરૂરી છે.

આજ રીતે જે પરિવાર એક મકાનને ઘર બનાવે છે, જેમાં અલગ અલગ સ્વભાવ, વિચાર, પ્રકૃતિ અને માન્યતા વાળા સભ્યો હોય છે, જે જીવંત વ્યકતિઓ છે જેમને જોડી રાખવાનું કામ વધારે મુશ્કેલ હોય છે. માત્ર પરસ્પર પ્રેમ અને સમજણ આ બે જ પરિબળો એક ઘર અને પરિવારને એકત્ર કરી શકે છે, અખંડ રાખી શકે છે. મકાન માટે જે કામ સિમેન્ટ અને ક્યોરીંગ કરે છે, તે જ કાર્ય આ બે પરિબળો ઘર માટે કરે છે. ગુજરાતીમાં એક પ્રચલિત કહેવત છે કે 'મકાન પડે તો ચણતરની ખામી અને ઘર તૂટે તો ઘડતરની ખામી'. સિમેન્ટ જડ કે નિર્જિવ પદાર્થોને જોડવામાં અને જોડી રાખવામાં સફળ થાય છે કેમ કે તે નિર્જિવ પદાર્થોને જોડે છે જે લગભગ દરેક પરિસ્થિતિમાં મહદ્ અંશે એક જ પ્રકારે વર્તે છે. જયારે વ્યક્તિઓ ક્યારે કેવી રીતે વર્તન કરશે તે કળવું કે ધારવું મુશ્કેલ હોય છે. સંસ્કૃતમાં એક કહેવત છે **मुण्डे मुण्डे मतिही भिन्नह** મતલબ કે જેટલા માથા એટલા વિચાર. એટલે જ સંયુક્ત પરિવારમાંથી વિભક્ત પરિવાર અને વિભક્ત પરિવારમાંથી વિભાજીત પરિવાર અને એકાકી માવીત્ર જેવી સામાજિક સ્થિતિ ઉદ્દભવે છે.

ભૌતિક ઘર એટલે કે મકાન મનુષ્યને ઠંડી, તડકો અને વરસાદ જેવા કુદરતી પરિબળો સામે અને ચોરી, લૂંટફાટ જેવા અસામાજિક માનવીય કૃત્યો સામે રક્ષણ આપે છે; જયારે ઘર એટલે કે પરિવાર મનુષ્યને બીમારી, કુદરતી આફતો, આર્થિક સંકટ, અપંગતા અને વૃદ્ધાવસ્થા જેવી વિષમ, વિપરીત અને વસમી પરિસ્થિતિ સમયે મનુષ્યનું રક્ષણ કરે છે.

***હાલની કોવીડ-૧૯ના કારણે ઉદ્દભવેલી અકલ્પનિય, અસહ્યનીય અને અનિવાર્ય એવી 'લોકડાઉન'ની પરિસ્થિતિમાં મનુષ્ય માટે કદાચ સૌથી સુરક્ષિત કોઈ જગ્યા હોય તો તે ઘર છે,*** અને તે ઘર કે મકાન (રહેઠાણ) પોતાની માલિકીનું હોય તો કદાચ કોવીડ-૧૯ ના સંક્રમણ કે આક્રમણ સામે આ સૌથી મોટું હથિયાર, સુરક્ષાકવચ કે રસી છે, કારણ કે માથા પર છાપરું હોય તો મનુષ્યને એક સલામતીનો અહેસાસ થાય છે જેના કારણે મનુષ્યને નકારાત્મક વિચારો નથી આવતા અને તેથી મનુષ્યનો આત્મવિશ્વાસ અને લડાયક શક્તિ જળવાઈ રહે છે; જે હાલની કપરી પરિસ્થિતિમાં બહુ જ જરૂરી છે. આપણે સૌ જાણીએ છીએ કે પ્રવર્તમાન સમયમાં લાખો શ્રમિકો, કામદારો કે કારીગરો પોતાના હાલના કામના કે ધંધા રોજગારના સ્થાનો છોડીને વાહનવ્યવહારની સગવડ ન હોવાથી કે ઓછી હોવાથી પગપાળા ચાલીને પોતાના વતન સપરિવાર જઈ રહ્યા છે; જે સંવેદનશીલ મનુષ્યને વિચલિત કરે તેવી પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે. તેઓ મઝદૂર છે, મજબૂર છે પણ મજબૂત છે, અને કદાચ આ સામુહિક હિજરત ભારતના ભાગલા પડ્યા ત્યારની કે કાશ્મીરી પંડિતોની સામુહિક હિજરત પછીના સૌથી મોટા સામુહિક સ્થળાંતરના બનાવો છે. આનું મુખ્ય કારણ ***રોજી રોટી અને રહેઠાણની સમસ્યા.*** અને આ સામુહિક સ્થળાંતરના બનાવોના કારણે, સરકારે જે 'સોસીઅલ ડિસ્ટન્સિંગ' કે સામાજિક દુરી બનાવી રાખવા માટે 'લોક ડાઉન'નો અમલ કરેલ છે, તે વ્યવસ્થાને તહેશ નહેશ કે છિન્નભિન્ન કરી નાખી. હાલની મહામારીની પરિસ્થિતિમાં મોટા ભાગના મનુષ્યોને ઘર અને મકાન બંનેની જરૂરિયાત જણાઈ છે તેથી ભયંકર યાતના, કષ્ટ અને તકલીફ વેઠીને પણ આંતરરાજય શ્રમિકો પગપાળા ચાલી નીકળયા છે. એટલેજ ગુજરાતીમાં કહેવત છે કે 'ધરતીનો છેડો ઘર'.

તકલીફ, આપત્તિ, સંકટ, મુશીબત અને વિપદાના સમયમાં જ મનુષ્ય એવા વાતાવરણમાં રહેવાનું પસંદ કરે છે જ્યાં તેને સુરક્ષા અને સલામતીનો અહેસાસ થાય અને તેવી જગ્યા એ પોતાનું ઘર છે. તેથી જ લાખોની સંખ્યામાં આંતરરાજય શ્રમિકો પોતાના વતન કે 'મુલક' તરફ ચાલી નીકળ્યા છે.કેટલાક આ હિજરત ને સાહસ કહે છે તો કેટલાક દુ:સાહસ કહે છે. અહીં એક કહેવત 'ઊંટનું મોઢૂં મારવાડ ભણી' યાદ આવે છે. આ લેખના સમાપનમાં શ્રી ગુલઝાર સાહેબના પ્રસિદ્ધ હિન્દી ફિલ્મ 'કાબુલીવાલા'ના ગીતનો આ લેખના સંદર્ભમાં યોગ્ય લાગતો ભાગ રજુ કરું છું, જે આ આંતરરાજય શ્રમિકોના સામુહિક સ્થળાંતરને માટે યથા યોગ્ય લાગે છે.

ऐ मेरे प्यारे वतन, ऐ मेरे बिछड़े चमन
तुझपे दिल कुरबान
तू ही मेरी आरज़ू, तू ही मेरी आबरू
तू ही मेरी जान
छोड़ कर तेरी ज़मीं को दूर आ पहुंचे हैं हम
फिर भी है ये ही तमन्ना तेरे ज़र्रों की क़सम
हम जहाँ पैदा हुए
उस जगह ही निकले दम
तुझपे दिल कुरबान.

છીપનું મોતી : સમજદાર સ્વજનો અને સ્નેહીજનોના સહવાસમાં સુખ બમણું અને દુ:ખ અડધું થઇ જાય છે.

**- પ્રવિણચંદ્ર શામજી ધરમશી (શાહ)**
**કોઠારા-સુરત**
**મો. 9978903247**

# મળવા જેવા માણસ

## શ્રી રાજેશભાઈ પ્રેમજી શાહ (લોડાયા)

## મોટી સિંધોડી-સાયન (ડાયરેક્ટર-દોસ્તી ગ્રુપ)



## જ્ઞાતિના અગ્રણી બિલ્ડર શ્રી રાજેશભાઈ સાથેની ટેલિફોનિક મુલાકાતમાં વિવિધ વિષયો પર ચર્ચા વિચારણા અને વિચાર વિમર્શના અંશો

કચ્છ અને ક.દ.ઓ.ની જમીનો, શૈક્ષણિક સંસ્થાઓ અને વર્તમાન અંગે શ્રી રાજેશભાઈએ મંતવ્ય આપતા કહ્યું હતું કે, એમના અનુભવ મુજબ જ્ઞાતિની સેવા સંસ્થાઓ, મહાજનો અને સામાજીક કાર્યકર્તાઓએ એક જ વિસ્તારમાં એક જ પ્રકારની સેવા આપવાને બદલે અલગ અલગ સામાજીક કાર્ય કરવું જોઈએ અને એ માટે પરસ્પર સંપર્ક કેળવી તાલમેલ રાખવો જરૂરી છે. તેઓ જે ક.દ.ઓ. સંસ્થા સાથે સંકળાયેલા છે એનો દાખલો ટાંક્યો. આ સંસ્થાએ કોવિડ-૧૯ દરમિયાન કચ્છમાં વસતા જ્ઞાતિજનો માટે કંઈક કરવાની તત્પરતા દાખવી પણ કચ્છ સ્થિત મહાનુભાવો અને સામાજીક સંસ્થાઓ સાથે વિચાર-વિમર્શ કરતા એમ ધ્યાનમાં આવ્યું કે હાલના સમયમાં જરૂરી સહાયતા મળી રહી છે. એટલે એમની સંસ્થાએ સામાજીક કાર્યનું ડુપ્લીકેશન ન થાય એ હેતુથી સહાય કરવાનું પગલું ન લીધું.

કચ્છ અને ક.દ.ઓ.ની જમીનો અંગે વિચારો વ્યક્ત કરતા તેમણે જણાવ્યું કે કચ્છમાં ઉદ્યોગ ધંધા, ખેતીવાડી અને શૈક્ષણિક ક્ષેત્રે વિશાળ તકો રહેલી છે. આપણી જ્ઞાતિના અન્ય મહાનુભાવો સાથે કચ્છમાં વસતા જ્ઞાતિજનોને સહાયરૂપ થવા લીધેલી મુલાકાતોના અનુભવ થયા છે. પોતાના મોટી સિંધોડીના ગામવાસીઓ પાસેથી મોટી સિંધોડીમાં આવેલી જમીનોની વિગતો મંગાવી જે ગામવાસીઓએ રાજીખુશીથી આપી એ પછી બે ત્રણ દિવસમાં ઝુમ એપ કોલ ઉપર ગામવાસીઓ સાથે ગામ વિશે, કચ્છ વિશે દોઢ કલાક સુધી ચર્ચા વિચારણા કરી. દરેકે પોતાના વિચારો વ્યક્ત કર્યા અને ગામની જે જમીનો ફાજલ બીન ઉપયોગી પડી રહી છે તેનો ઉપયોગ થાય એવી ઈચ્છા દર્શાવી. દરેક ગામવાસીઓ ગામના ઘર અને જમીનો વિશે સજાગ થઈ ગયા છે અને નજીકના ભવિષ્યમાં નક્કર પગલાં લઈ શકાશે એવી આશા છે.

શ્રી રાજેશભાઈએ એક વિચાર ખૂબજ ભારપૂર્વક વ્યક્ત કર્યો કે, હવે કચ્છ તરફ આપણો ઝુકાવ વધવો જોઈએ કારણ કે કચ્છમાં વિકાસની મોટી તકો છે જે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની આત્મનિર્ભર થવાની હાકલથી દિવસે દિવસે વધી રહી છે. મુંબઈની મોંઘવારીમા દૂરના પરા વિસ્તારમાં વસતા અને ટ્રેનની ભીંસમાં પ્રવાસ કરતા, ટેન્શનમાં રહેતા આપણા જ્ઞાતિજનોએ આ તક જરૂરથી ઝડપી લેવી જોઈએ. તેમણે વિનંતી સ્વરૂપે જણાવ્યું કે દરેક સંસ્થા, મહાજનો અને સમાન વિચારધારા ધરાવતા ગામવાસીઓએ ક.દ.ઓ.ની કચ્છની માલ મિલકતો અને જમીનોની જાળવણી કરવી જોઈએ અને એને વેચવાનો વિચાર સુધ્ધા ન કરવો જોઈએ. હમણાંથી જ આપણી જમીનોની વિગતો વ્યવસ્થિત રીતે તૈયાર કરી જે તે ગામવાસીના નામે ન ચઢી હોય તો તેને પોતાના નામ ઉપર ચઢાવવા માર્ગદર્શન તથા સાથ સહકાર આપવો જોઈએ. તેમણે ઉમેર્યું હતું કે વાગડવાસીઓ, કે.વી.ઓ.,પટેલો ખેતી અને વેપાર ક્ષેત્રે કચ્છમાં અગ્રેસર છે. તેમની ભવિષ્યની યોજનાઓ પણ તૈયાર છે અને એ માટે નક્કર કાર્ય થઈ રહ્યું છે. આપણી સંસ્થાઓ, મહાજનો અને સમાન વિચારધારા ધરાવતા દરેક ગામના જ્ઞાતિજનો માટે કચ્છના કુદકે ભૂસકે, દિવસ રાત થઈ રહેલા વિકાસમાં સહભાગી થવાની છેલ્લી તક છે ત્યારે આપણે કોઈપણ રીતે ઝડપી લેવી જોઈએ તો જ કચ્છ આપણું રહેશે અને આપણે કચ્છના રહીશું. ભારતભરમાં ફેલાયેલી આપણી જ્ઞાતિ સંસ્થાઓએ અને મંડળોએ જ્યાં જ્યાં આપણી મિલકતો છે એનું અચૂક રક્ષણ કરીને તરત જ ઉપયોગમાં લેવી જોઈએ.

ક.દ.ઓ.ની મુંબઈમાં રહેઠાણની જરૂરિયાત બાબતે શ્રી રાજેશભાઈએ જણાવ્યું કે તેમણે સમાન વિચારધારા ધરાવતા જ્ઞાતિના મહાનુભાવો સાથે પોતાના ૪૦ વર્ષના કન્સ્ટ્રક્શન વ્યવસાયના અનુભવને આધારે કરેલા નિરીક્ષણ મુજબ અત્યારે ભિવંડી, જી.થાણા એ રહેઠાણની દૃષ્ટિએ સારી જગ્યા છે કેમકે ત્યાં ભાવ પોષાય એવા છે અને ભિવંડી થાણાથી નજીક છે. ત્યાં ગોડાઉનો, ટ્રાંસપોર્ટ અને લોજીસ્ટીક તથા પાવરલુમ્સ હોવાના કારણે નોકરી-ધંધાની વિશાળ તકો છે. ત્યાંથી મુંબઈ, નવી મુંબઈ, વસઈ-વિરાર સુધી પહોંચવા

વાહન વ્યવહારની સુવિધા ઉપલબ્ધ છે. આપણી સંસ્થાઓ જો અહિં રહેણાંક સંકુલ બાંધવા ઈચ્છતી હોય તો તેમની સાથે મળીને નક્કર કાર્ય કરવાની તેમની તૈયારી દર્શાવી હતી.

ક.દ.ઓ.ની શિક્ષણ સંસ્થાઓ અને બેંક વિશે શ્રી રાજેશભાઈએ પોતાનો અભિપ્રાય આપ્યો હતો. જ્ઞાતિની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ, વિદ્યાર્થીગૃહો અને અરિહંત બેંક વગેરેએ જ્ઞાતિની ઉન્નતિમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. વર્તમાન સમયમાં ગૃહઉદ્યોગ, મહેંદી, ભરતકામ, ક્રોશ્યો, ઈલેક્ટ્રીશીયન જેવા હુન્નરો માટે પણ સારી તકો છે. એ માટે પ્રોત્સાહક વાતાવરણ પુરું પાડવા વ્યવસાય લક્ષી અભ્યાસક્રમો માટે પોતાનો સહકાર આપવાની તૈયારી દર્શાવી હતી.

જૈન માઈનોરીટી અંતર્ગત મળતા લાભો વિશે તેમણે કહ્યું હતું કે, ક.દ.ઓ. જૈન જ્ઞાતિજનોને જૈન માઈનોરીટી તરીકે મળી શકે એવી નાણાંકીય, શૈક્ષણિક તથા વૈદ્યકિય સહાય સરળતાથી મળી શકે એ માટે એક વિશેષ કાર્યાલય ખોલવાનું સૂચન કર્યું હતું. સરકાર દ્વારા ઉપલબ્ધ મદદ મેળવી શકીશું તો આપણી જ્ઞાતિનું ફંડ તથા અન્ય સ્ત્રોત આપણે જ્યાં જરૂર હશે ત્યાં વાપરી શકીશું. સરકારી સહાય લેવાથી ખૂબ મોટી બચત કરી શકીશું.

શ્રી રાજેશભાઈ સામેની આ ટેલિફોનીક મુલાકાત, ચર્ચા વિચારણાનો હેતુ એ હતો કે તેમની કંપની 'દોસ્તી ગ્રુપ' નામ પ્રમાણે વર્તે છે અને ઘર લેનારને બનતી સહાય કરે છે. દોસ્તી ગ્રુપ સાહસિક કંપની છે જે એવા સ્થળોએ બાંધકામ કરે છે જ્યાં અન્ય બિલ્ડરો નથી જતા. જે જગ્યાનો વિકાસ નહિ જેવો હોય ત્યાં તેઓ પોતાના બાંધકામ પ્રકલ્પો હાથ ધરે છે અને જે તે વિસ્તારની કાયાપલટ કરવામાં નોંધપાત્ર ફાળો આપે છે. આપણી જ્ઞાતિના સાહસિક વ્યવસાયિક એવા શ્રી રાજેશભાઈના વિચારો જ્ઞાતિજનોને માર્ગદર્શક બની રહેશે.

**– ઉદયન શાહ**

**(તંત્રી મંડળ સભ્ય-પ્રકાશ સમીક્ષા)**

## રમતો બધી રમાઈને પુરી થઈ ગઈ

રમતો બધી રમાઇને પુરી થઈ ગઈ..
જુના ફોટાઓ ય જોવાઇ ગયા..
અને જુના દિવસો પણ જીવી લીધા..
ફરજિયાત રજાઓ નથી જોઈતી હવે..
હે ઈશ્વર, હવે તો તારો આ ખેલ પૂરો કર..

કંટાળો આવી ગયો છે હવે..
બીક વાળી સ્વચ્છતાનો..
સેનીટાઇઝર અને માસ્કનો..
ઘરમાં ગોંધાઈને રહેવાનો..
સાવ ખોટું ખોટું હસવાનો..
સંકટને હવે તો સમેટી લે..
હે ઈશ્વર, હવે તો તારો આ ખેલ પુરો કર..

નવી પેઢીના સ્વપ્નો માટે..
માંડી દીધેલા અર્ધા દાવ માટે..
તેં જ આપેલાં આ પાપી પેટ માટે..,
હે ઈશ્વર, હવે તો તારો આ ખેલ પુરો કર..

હવે નહી કહું કે સમય જ નથી..
કુટુંબને, સંબંધોને પૂરો ન્યાય આપીશ..
નિસર્ગ, સૃષ્ટીનું કરીશ હું રક્ષણ..
આ કોયડાનો જવાબ આપી દે હવે..
હે ઈશ્વર, હવે તો તારો આ ખેલ પુરો કર..

ઘણી થઈ ગઈ, જે શિક્ષા આપી એ..
ભૂલો અમારી સમજાઈ ગઈ છે પૂરેપૂરી..
વિચારો પણ શુદ્ધ કર્યા છે અમે..
હાથને સ્વચ્છ કરતા કરતા..
વચન આપીએ છીએ અમે તને..
અમારી ભૂલોને નહીં દોહરાવીએ..
મહેરબાની કરીને..
હે ઈશ્વર, હવે તો તારો આ ખેલ પુરો કર..

જગતની ધીરજ ડગમગી જાય, એ પહેલા..
સહનશક્તિ પુરી થઈ જાય, એ પહેલા..
''તારા '' પોતાના પર પ્રશ્નો ઉભા થાય, એ પહેલા..
હે ઈશ્વર, હવે તો તારો આ ખેલ પુરો કર..

ઈશ્વર, ઓ ઈશ્વર,
સંભળાય છે ને તને ?
તો અમારી એક વાત માનીશ?
એક અબુધ બાળકની જેમ
તારા જ હાથે તારા જ રમકડાંની
તોડફોડ બંધ કર, મારા વાલા..
બે હાથ જોડીને તને વિનવું છું..
હે ઈશ્વર, હવે તો તારો આ ખેલ પુરો કર..

**– સંપાદક : રમેશ હીરજી લોડાયા, મંજલ- ડોંબીવલી**

# 'કોરોના -લોકડાઉન'




કોરોના-૧૯ થી જગત આખામાં તકલીફ થઈ રહી છે. અકાળ મૃત્યુ. ભગવાન હવે બચાવે, અમેરિકા, ઈટાલી, સ્પેન, રશીયા વગેરે દેશો આપણાથી ઘણા આગળ, વ્યવસ્થીત ચાલતા હતા પણ ત્યાંના મોતના પ્રમાણમાં આપણે ઘણા સુરક્ષીત છીએ કારણ 'લોકડાઉન' પણ હવે?

કોઈ કોને સમજાવે લોકડાઉન શું છે? અને શાને માટે છે? આપણી જ પ્રજા હજી સમજી નથી શકતી કે 'લોકડાઉન' આપણી પોતાની સુરક્ષા ખાતર સરકારે કાયદો અમલમાં મૂક્યો છે. પણ અમલ? કોને પડી છે? પછી પસ્તાવો શું કામનો? Any way

**લોકડાઉનનાં ફાયદા :** જીંદગીમાં આટલા દિવસ ઘરમાં રહ્યાં જ નથી. ઘરની સુવિધા-સગવડ-ખાવાનું હવે સમજાયુ. કુટુંબ શું છે એની ખબર હવે પડી સ્ત્રીઓની ઘરની મહેનત-સફાઈ-ચોકસાઈ અત્યારે ખબર પડી ખેર! એમને સલામ!

હવે સમજાયું કે બે લેંઘા અને ઝભ્ભામાં બે મહિના રહી શકો છો. બહારના ખાવાના ચસકાં ક્યાં ભૂલાઈ ગયા ખબર નથી. મિત્રો, સંબંધી, સગાવહાલા બધા સાથે ફોન પર વાતચીત કરી આનંદ માણી શકાય એ હવે સમજાયું! ખર્ચમાં ઘણી બચત, પેટ્રોલના ખર્ચની બચત, કારણ વગરના હોટલના બિલની બચત, લોંગ ડ્રાઈવના ખર્ચાની બચત, ન નાટક કે ન સિનેમા હવે સમજાયું.

સૌથી વધારે સમજાયું કે અંગત કોઈના મરણ વખતે જઈ ન શકાયું તેનો અફસોસ! જેના ઘરે પ્રસંગ બન્યા એ લોકો પણ સમજે છે ક્યાં કોને બોલાવશું? સરકારના કાયદાની રૂએ! ન સાદડી કે ન પ્રાર્થના!

આ પ્રથા આપણે હંમેશ માટે સ્વીકારી લઈએ તો. એવું લાગ્યા કરે છે. સાદડીમાંથી પ્રાર્થના પર આપણે ફર્યા, પણ આજે મુંબઈ જેવા શહેરમાં રૂા.૨૫૦૦૦/થી વધારે ખર્ચ થઈ જતો, મધ્યમવર્ગ લોકલાજે રાખતાં તો હતા પણ ખર્ચ બાબતે? દરેક વખત કરતાં. અત્યારે અંગત સંબંધોમાં ચાર મોત થયા પણ ઘરના તેમજ બાજુમાં રહેતા પડોસીની મદદે દસેક માણસ ભેગા થઈ વિધિ પતાવી. કોઈને કોઈ વાધો ન હતો એવું લાગ્યું કે હંમેશ માટે દરેક માટે આમ જ હોય તો? આજ વસ્તુ લોકડાઉનમાં શીખવા જેવી ખરી! બહારગામથી આવવું, ટિકીટોના ખર્ચા ચાર દિવસ બગાડવા જેના ઘરે ઉતરવાનું છે એમની સગવડ-અગવડ-કોને શું પોષાય છે? એની કોણે નોંધ લીધી. તો જ્ઞાતિભાઈઓ કોણે શું કર્યું એ જવા દો. આપણે સ્વીકારીએ મરણ પ્રસંગે ઘરના જ, પડોશીઓ સાથે પતાવે એવો નવો શિરસ્તો ચાલુ કરીએ એ પ્રથાને નામ આપીએ 'લોકડાઉન મરણ'! સંજોગો પ્રમાણે ફેરફાર કરી શકીએ છીએ. પરંતુ અમલમાં રાખવા જેવું ખરું!

**– શરદ કાંતિલાલ શાહ (નાગડા) નલિયા-પૂના, 9371004760**

# આપણી જ્ઞાતિની આવાસ સમસ્યા

હું આપણી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિની એક નમ્ર સેવક છું. હાલમાં જ જ્ઞાતિએ મને મુંબઈ મહાજનની વ્યવસ્થાપક સમિતિના સભાસદ તરીકે બીજી વખત ચુંટી જ્ઞાતિસેવા માટે તક આપી એ માટે હૃદયપૂર્વક આભાર માનું છું. આ તકે હું આપણી જ્ઞાતિની આવાસ સમસ્યા અંગે મારા વ્યક્તિગત અને એક સામાન્ય જ્ઞાતિજનની રૂએ મારા વિચારો રજૂ કરું છું.

આપણેસહુજાણીએછીએકેમસ્જિદબંદરખાતેશ્રીઅનંતનાથજી મહારાજ ટ્રસ્ટની માલીકીની અનંત નિવાસ, અનંતભુવન અને ન્યુ અનંતભુવન સહિત ૧૩ મિલકતો છે. આ મિલકતો હેઠળની જમીન પણ શ્રી અનંતનાથજી મહારાજ ટ્રસ્ટની માલિકીની છે.

મને એ વાતની હંમેશા નવાઈ રહી છે કે સાઉથ મુંબઈના મસ્જિદબંદર જેવા મહત્વના વિસ્તારમાં આપણી પોતાની જમીનો અને મિલકતો હોવા છતા પણ આપણે શા માટે કલ્યાણ-અંબરનાથ જેવા સૂદૂર વિસ્તારોમાં પ્રોપર્ટી ડેવલપ કરવાનો વિચાર કરીએ છીએ ? જ્યારે અહીં આપણી પોતાની જ માલિકીની મિલકતો અને જમીનો ઉપરાંત આપણું અનંતનાથ દાદાનું દેરાસર પણ છે. અત્રે યાદ રાખવું ઘટે કે અગાઉ આપણી સંપૂર્ણ જ્ઞાતિ અહીં મસ્જિદબંદર વિસ્તારમાં જ રહેતી હતી. મારો અભિપ્રાય છે કે શ્રી અનંતનાથ મહારાજ ટ્રસ્ટે જ્ઞાતિના બિલ્ડર્સ, પ્રોફેશનલ્સ, તથા અન્ય વ્યવસાયિકોનો સહકાર લઈ આપણી આ મિલકતોને ડેવલપ કરવી જોઈએ આથી સુદૂરના વિસ્તારોમાં રહેતા જ્ઞાતિજનોને નજીકમાં વસાવી શકાય તથા કામધંધા માટે તેમનો મુસાફરીનો સમય બચાવી શકાય તે ઉપરાંત ઈચ્છુક મહિલાઓ આપણી જ્ઞાતિના પરિવારોમાં રસોઈ, વડીલોની સાર સંભાળ જેવા કામ કરી શકે.

આ સિવાય યુવાપેઢી પણ એકબીજાની નજીક આવી રહેતા તેમની વચ્ચે પશ્ચિમ વધે જે કાળાંતરે લગ્ન જેવી સમસ્યાના ઉકેલમાં સહાયક બની શકે. મને આશા છે કે શ્રી અનંતનાથજી મહારાજ ટ્રસ્ટનું નવું ટ્રસ્ટીમંડળ મારી વિનંતી ઉપર વિચાર કરશે.

**– વીણા નાગડા**

# વાવાલાપરા નાની પંચતિર્થી

વારાપધરના શ્રી ચીમનભાઈ મોતા, વાંકુના નરેશ મણીલાલ ખોના લાલાના કિશોર મોતા, પરજાઉના સ્વ. દિપકભાઈ મેપાણી રાપરના શ્રી રમેશભાઈ મોતા એ 'વાવાલાપરા' નામથી નુતન પંચતિર્થીનો પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબના આશીર્વાદથી નિર્માણ કર્યું હતું તે સમયે સ્વ. શ્રી દિપકભાઈ મેપાણીની લીડરશીપમાં ઘણા સારા કાર્યો થયા. જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ બધાએ પોતાના મહાજનોના હોદ્દા ઉપરથી રાજીનામા આપ્યા કે અરિહંત શરણ થયા. પછી ઉપરોક્ત પંચતિર્થી અંગે કોઈ કામગીરી થઈ નથી અને પુનઃકોઈ સંગઠીત થયા નથી. આજે કાંઈક પરિસ્થિતિ જુદી જ છે. વારાપધરમાં ૭ ઘર અને ૧૩ જણની સંખ્યા છે. વાંકુમાં ૪ અને ૧૧ જણની, લાલા ૧ ઘર ૪ સંખ્યા, પરજાઉ ૪ ઘર ૧૦ સંખ્યા અને રાપર (ગઢ)માં ૧૦ ઘર સંખ્યા, ૨૯ કુલ્લ ૨૬ ઘરો છે ૬૭ કુલ સંખ્યા છે.

સંસ્થાઓ પોતપોતાની રીતે દરેક ગામોમાં નુતન અતિથિગૃહ ઉપાશ્રય બનાવ્યા છે અને વાંકુ ગામે તો દેરાસરજીનું જીર્ણોધ્ધાર કરીને નુતનીકરણ કરેલ છે. મુખ્ય પ્રશ્ન કોઈપણ તીર્થમાં ભોજનાલય ચાલુ અત્યારે નથી. સાધુ સંતોની અવરજવર ચાલુ હોય છે. જ્યારે એક સાથે વધુ સંખ્યામાં સાધ્વીજી કે સાધુ આવતા હોય સાથે સાઈકલ કે હમાલ હોય છે ત્યારે ગોચરી માટે ખુબજ મુશ્કેલી થાય છે. જૈનેતર ભાઈઓની મદદથી જ ગોછણી-પાણીની વ્યવસ્થા થાય છે. સ્થાનિક રહેતા ભાઈઓ પોતાની રીતે ખુબજ સારી સેવા અને ગોદરીનું લાભ લેતા હોય છે. પણ તેઓની પણ મર્યાદા હોય. દરેક ગામે અદ્યતન અતિથિગૃહ બની ગયા છે ત્યારે દેવ-દેવસ્થાનની પેડી કરવા આવતા ભાવિકોને રહેવાની અદ્યતન વ્યવસ્થા મળે છે પણ જમવાની વ્યવસ્થા માટે ખુબજ તકલીફ રહે છે.

'વાવાલાપરા'ના અગ્રણીઓએ સકારાત્મક વિચારો સાથે તીર્થની વ્યવસ્થા સુચારૂ કરવા માટે આગળ આવવું પડશે. પાંચ ગામો વચ્ચે દર વર્ષે એક ગામે ચાતુર્માસનું આયોજન કરવું જોઈએ અને બાકીના ચાર ગામાવાળાને રીક્ષાથી દરરોજ આવ-જા કરે તો ચાતુર્માસમાં સંખ્યા પણ થઈ જાય અને સ્થાનિક ભાઈઓમાં પણ ઉત્સાહનું વાતાવરણ જળવાઈ રહે. જે પણ વસ્તી ગામે ગામ છે તેને ટકાવવી જરૂરી છે અને તીર્થનું મહિમા પણ જળવાઈ રહે. દરેક પાંચ વર્ષે એક એક ગામનો વારો આવે તો પાંચ વર્ષ માટે આવક પણ થઈ જાય નહીતર હવે ખર્ચા વધી રહ્યા છે અને આવકો વ્યાજની કે ધૃતની પણ ઘટી રહી છે. તે સંસ્થાઓ માટે ચિંતાજનક છે.

# લોકડાઉન દરમ્યાન સકારાત્મક અનુભવો

હું અરવિંદ લાલજી લોડાયા, ટ્રસ્ટી શ્રી સમસ્ત ક.દ.ઓ.જૈન મહાજન, લોકડાઉનના સકારાત્મક અનુભવો આ સાથે શેર કરું છું. તા.૨૪-૩-૨૦૨૦ના લોકડાઉન જાહેર થયું અને તે જ દિવસે મુંબઈ જવાની ટીકીટ હતી અને ત્યાં રહેતા મારા પુત્ર, પુત્રવધુ અને પૌત્રને મળવા જવા મારી ધર્મપત્ની પણ સંજોગ વસાત પહેલા જ જવું પડ્યું હતું અને તેને પરત ગાંધીધામ બધાને હળીમળીને આવશું તેવો વિચાર હતો. ગાંધીધામમાં સંયુક્ત પરિવારમાં ભાઈ સાથે રહેવાની પણ ઈચ્છા હતી અને મુંબઈ તા.૨૪-૩-૨૦૨૦થી બંધ થઈ જશે તો પરત કેમ આવીશ આ વિચારો સાથે ટીકીટ કેન્સલ કરાવીને તા.૨૪-૩-૨૦૨૦ના બપોરે મારા મુળ વતન વારાપધર તરફ ગાડી લઈને નીકળી ગયો.

વારાપધર ગામમાં અઠવાડિયામાં બે-ત્રણ દિવસ રહેવાનું તો થાય છે પણ આ વખતે બે મહિના જેટલો સમય વિતાવવો પડશે તે અંદાજ નહતો. ગ્રામ્ય જીવન સાથે ટેવાયેલો છું એટલે સમય કેમ પસાર થઈ ગયો તે ખબર ન પડી. મારા ખેતીનો વ્યવસાયને ઘઉં/કપાસ/સક્કરટેટીના પાકો માટે પુરતો સમય ફાર્મ ઉપર જઈને આખો દિવસ વિતાવવાની મજા પણ કાંઈક અલગ હતી. ૪૦ થી ૪૨ ડીગ્રી તાપમાં ત્યાં સમય કાઢવાની મજા પડી ગઈ. સાથે સાથે કચ્છ એકમના ઉપપ્રમુખના નાતે અબડાસાના ૧૪ ગામોમાં જ્ઞાતિજનોને રૂબરૂ જઈને સહાય પહોંચાડી. અબડાસા ભારતીય જનતા પાર્ટી, લોકડાઉન કમીટીના સહઈન્ચાર્જ તરીકે સેવાના કાર્યોમાં પણ સમય આપ્યો. પી.એમ.કેર ફંડમાં રૂા.૨૦,૦૦૦/- મિત્રોના માધ્યમથી અને રૂા.૩૧૦૦૦/- અંગત કુલ રૂા.૫૧૦૦૦/- ફંડમાં જમા કરાવી સંસ્થાઓ તરફથી આવતી સહાયની કીટો ગામમાં જરૂરતમંદોને મળે તે માટે મદદરૂપ થયા. અંગત રીતે પરિવારથી અલગ થયા તે ખેદ હતો પણ ગ્રામ્ય જીવનની શાંતિ, કોરોનાથી બચવા પ્રશાસન, પોલીસ, સ્થાનિક તંત્રએ ઉમદા કામગીરી કરી અને આજે કચ્છમાં એક પણ પોઝીટીવ કેસ નથી એટલે કચ્છમાં પણ અબડાસામાં તાલુકાને વધુ સેફ જગ્યા માનું છું. ખાસ મુંબઈ/દિશાવરથી અહીં અટવાયેલા શ્રી કલ્પેશભાઈ મોતા, મુલચંદભાઈ મોતા, ઉત્તમભાઈ મોમાયા, હિતેશભાઈ નાગડા સાથે મેળાવડો કરવાનો મોકો મળ્યો અને રાપર ગામે બધા સાથે મળીને મહેમાનગતી પણ કરી.

**– અરવિંદ લાલજી લોડાયા**

**(વારાપધર/ગાંધીધામ) – ૯૮૨૫૬૩૪૬૪૯**

**નોંધ : પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત લેખ-કાવ્ય-ચર્ચા પત્રોમાં વ્યક્ત થયેલા વિચારો જે તે લેખકના છે. તેની સાથે પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ સહમત છે તેમ માનવું નહીં.**

# અડસઠ દિવસનું મનોમંથન

હું કોણ છું, આ માટે આવ્યો છું. આ સૃષ્ટિને બનાવવા વાળું કોણ છે. આ ક્યારે બની હશે, ક્યારે અંત આવશે, હું ભવિષ્યમાં રહીશ કે નહીં, મારો શું અંત આવશે, હું સુખી કેમ છું? આમાં શું કર્મોના ફળ હશે? કે નહીં હોય?

સાચું સુખ શેમાં છે? મારો પ્રકૃત્તિ સાથે શું સંબંધ છે? આ ઈન્દ્રિઓથી થતું જ્ઞાન વિશ્વાસ પાત્ર છે કે નહીં મારું મૃત્યુ થશે તો હું ક્યાં જઈશ? ઈન્દ્રિયોના જ્ઞાનથી મળતું સુખ એ ખરેખર સુખ છે? હું જ કેમ છ મહિનાથી કોરેન્ટાઈનમાં છું?

જેવા અનેક પ્રશ્નો આ અડસઠ દિવસના લોકડાઉનમાં ઉઠ્યા. યોગાનુયોગ નવકાર મંત્રના પણ અડસઠ અક્ષર છે

**અડસઠ અક્ષર એના જાણો, અડસઠ તીરથ સાર,**
**આઠ સંપદાથી પરમાણો અડસીધ્ધી દાતાર.**

સોનામાં સુગંધ એટલે છેલ્લા દિવસે એટલે કે ૬૮માં દિવસે શ્રી સકલ જૈન સમાજ દ્વારા નવકાર મંત્રના ૯૯,૯૯,૯૯,૯૯૯ જાપનું મહા આયોજન કરવામાં આવેલ છે. આ આયોજનમાં મારા પણ ઓછામાં ઓછા ૧૦૮ નવકારનો સમાવેશ થાય એવી ભાવના દરેક જૈને રાખવી જોઈએ.

મારા મનમાં ઘણા પ્રશ્નો ઉઠ્યા. મને લાગે છે કે આને જ જીજ્ઞાસા કહેવાય અને આ જીજ્ઞાસા દ્વારા જ દાર્શનિક વિચારનો જન્મ થાય છે. જેને આપણે ધર્મ કહીએ છીએ, એટલે ધર્મ બીછું કશું જ નથી, પણ અજ્ઞાતમાં ન ભૂસકો મારવો, જેમાં ખબર નથી, કે આગળ જતાં ખાઈ છે, કે કુવો છે.

આપ સાવ જ અજ્ઞાતમાં ભૂસકો મારવામાં જો માણસની પાસે પોતાનું સત્ય એટલે કે આત્માનું સત્ય, પોતાની સાથે હોય છે. પરમ ચેતનાની જાગૃતિ સાથે હોય તો તે તરી જ જશે એમાં બે મત નથી અને આ જે જીવનમાં પરમ શાંતિ અને સુખ પ્રાપ્ત કરીને અંતે મુક્તિ મેળવે જ છે.

જેમની પાસે પોતાના આત્માનું સત્ય નથી હોતું, પણ બીજાના સત્યને પોતાનું સત્ય માનીને, બીજા જેવા થવાનું વિચારીને જીવનમાં ભૂસકો મારે છે.

તે સદાય અજાગૃત અને અજ્ઞાનમાં સ્થિર હોય છે, ડૂબી જ મરે કે અને અજાગૃતતા અને અજ્ઞાનમાં જ જીવે છે, જેથી તે જીવનમાં પરમ સુખ અને પરમ શાંતિને પ્રાપ્ત કરી શકતા નથી.

માણસને જ્યારથી પોતાના ઈતિહાસનું જ્ઞાન છે, ત્યારથી આજ સુધી કોઈ એવો સમય નથી આવ્યો કે જ્યારે માણસ શાંતિથી એક કલાક પણ વિચારહીન થઈને પોતાની ચેતનામાં જાગૃતતાપૂર્વક સ્થિર થઈને બેઠો હોય.

માણસના મનમાં સદાય વિચારોનું બખડ જંતર ચાલતું જ રહે છે. અમે આ બખડ જંતર તેના દુઃખનું કારણ બને છે.

માણસનું દુઃખ અને તનાવ, પોતાની ભાવના, અજાગૃતતા અને વિચારોમાં જ રહેલું છે. આવા માણસ બીજાના સત્યમાં જીવતો હોય છે.

માણસ પાસે તમામ પ્રકારનું ભૌતિક સુખ હોય છે, છતાં પણ તેના મનમાં ઉથલ પાથલ ચાલતી જે રહે છે. કારણ કે તે અજાગૃત છે. અજ્ઞાનમાં સ્થિર છે તેથી તેને પરમ શાંતિ મળતી નથી.

મનમાં નિરંતર આંધી ચાલતી જ રહે છે એની દુઃખની ઊંડાઈ વધતી જ રહે છે અને વધુ દુખી તનાવમાં ગરકાવ થતો જ જાય છે ને અંતે મરણને ભેટે છે.

ભગવાન મહાવીર અને ગૌતમ બુદ્ધના જીવન પર બરાબર શુધ્ધ અને બુધ્ધિપૂર્વક વિચાર કરવાથી વધુ સ્પષ્ટ થાય છે કે પદાર્થની પકડ છોડતાં જ પરમ શાંતિ અને આનંદ મળે છે.

બન્ને ભગવાનોએ આ નિયમને પોતાના જીવનમાં ઉતારી ઘણા પદાર્થની પકડમાંથી મુક્ત થયા છે, તેમણે આજના ત્યાગીઓ જેવો ત્યાગ નથી કર્યો.

જેમકે આજના ત્યાગીઓ પોતાના આશ્રમો સ્થાપે છે, ને સવાયો સંસાર ભોગવે છે, ભગવાન મહાવીર અને બુધ્ધે કોઈ આશ્રમની સ્થાપના કરી નથી. તેમણે બન્નેએ એક જ જાટકે પોતાના મનથી પદાર્થની પકડમાંથી મુક્તિ પ્રાપ્ત કરી છે. બન્ને રાજ્યના વૈભવમાં પ્રાપ્ત કરી શક્યા હોત પણ તેમને ખરેખર મોક્ષ માર્ગ મેળવવો હતો. અત્યારના જેવી હીપોકેસી તેમના પાસે ન હતી.

ભગવાન મહાવીરે કેટલા મહાન સિધ્ધાંતો આપણને શિખવાડ્યા હતા. પણ આપણે ક્રિયાકાંડમાં પડી ગયા તે તેમના સિધ્ધાંતોને અભરાઈ ઉપર ચડાવી દીધા. અહિંસા, અપરિગ્રહ, અનેકાંતવાદ જેવા મહાન સિધ્ધાંતો પર આપણે ચાલ્યા હોત તો કોરોના આપણી પાસે આવી શકત ખરે?

પ્રભુએ સાડા બાર વરસની કઠીન તપશ્ચર્યા કરીને આપણને ઈશ્વરને પ્રાપ્ત કરવાનો સહેલો રસ્તો બતાવ્યો હતો. પણ આપણે એમનું પણ સાંભળ્યું નહીં અને જીવનમાં કશું પણ મેળવ્યું નહીં.

અડસઠ દિવસના લોકડાઉનનો પણ ફાયદો લીધો નહીં. પ્રભુ મહાવીરે કોઈ મંદિર કે દેરાસર ઊભા કરેલ નહીં તેઓ ટોટલી પદાર્થની પકડમાંથી મુક્ત થયા હતા. તેમણે આંતરિક શુધ્ધિ માટે તપ કરેલ અને આંતરિક શુધ્ધિ પ્રાપ્ત કરેલ હતી.

**– પ્રવીણ લોડાયા (વડોદરા)**

# ''જૈન ધર્મ મારી દ્રષ્ટિએ...'' મણકો-૧૧

લેખક : સોમ ધરમશીં, મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

(ગતાંકથી ચાલુ..)

ગત અંકમાં ''અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ'' ભજન મુક્યું હતું. સાવ સીધી અને સરળ ભાષામાં ધર્મને સમજવા માટે. ગુજરાતી સાહિત્યનાં વિકાસનાં મૂળમાં આવા ઉત્કૃષ્ટ ભજનો હતા અને તેના રચયિતા ચાર ચોપડી માંડ ભણેલા. ભક્તિરસમાં ઝંબોળાઈ અંતરનાં તાર ઝણઝણાવતી તેમની જીહ્વા ઉપરથી વહેતી આત્મજ્ઞાન પીરસતી કૃતિઓ, ભજનો, પ્રાર્થના સ્વરૂપે મળે છે.

ભારતનાં જુદા જુદા ભાગમાં વસતા જુદી જુદી ભાષાનાં ભક્તકવિ, કવયિત્રીનું લિસ્ટ બનાવીએ તો આખો લેખ ઓછો પડે; પણ કેટલાકનું તો પુણ્ય સ્મરણ કરવું પડે.

નરસિંહ મહેતા, મીરાંબાઈ, પ્રેમાનંદ સુરદાસ, બ્રહ્માનંદ, ધીરો ભગત, ભોજો ભગત, કબીર, રહીમન, દયારામ, સંતલાલજી, તુલસીદાસ, પુનિત મહારાજ, ભાણ સાહેબ, ત્રીકમ સાહેબ, ગંગાસતી, મેકણદાદા અને કેટલાય અજ્ઞાત...

**''પ્રાર્થના-ભક્તિ ભજન એટલે પરમાત્મા સાથે વાર્તાલાપ, પરમાત્માનું ચિંતન અને અનુભવ.''**

**-સ્વામી રામતીર્થ.**

ગુજરાતી સાહિત્યનાં આકાશમાંથી હાલમાં જ ખરી પડેલ ચમકતો તારો એટલે કુન્દનિકા કાપડિઆ. તેમણે પણ ક્યાંક નોંધેલ છે- ***''પ્રાર્થના જીવનનું બળ છે, વિષમ પરિસ્થિતિમાં મુકાયેલા, શોકમાં ડુબેલા, પોતાને હતાશ, અસહાય અને અંધકારમાં ખોવાયેલ અનુભવતો મનુષ્ય સાચા ઉંડા શ્રદ્ધાભાવથી કરેલી પ્રાર્થના, તેની સ્થિતિમાંથી ઉપર ઉંચકી જઈ એક મહત્ ચૈતન્ય સાથે સંબંધ જોડી આપે છે.''***

હવે ગતાંકનાં ભજનનો મર્મ મમળાવીએ. ભક્તકવિ નરસિંહ માને છે કે આખા બ્રહ્માંડમાં શ્રી હરિ તું એક જ છે અને તારા સિવાય બીજો કોઈ નથી. પણ લોકો તને જુદા જુદા સ્વરૂપે જોઈ રહે છે. કોઈ તને રામ તો કોઈ કૃષ્ણ તરીકે ભજે છે, કોઈ તને ''અલ્લાહ'' કરીને પોકારે છે તો કોઈ મહાવીર મહાવીર ની જપમાળા જપે છે.

તેં જ તો આ પૃથ્વી પર વિવિધ રચના કરી છે. લોકો કહે છે કે તને ભજવો, પ્રાપ્ત કરવો કેવી રીતે. તું દેખાતો નથી. પણ જે લોકો ભાવથી તને મળવા માંગે છે તેને તું તારી અનુભૂતિ કરાવે છે.

ઘાટ ઘડિયા પછી ભલે તેના જુદા જુદા નામ હોય પણ તેમાં રહેલો આત્મા તો ''હે પરમાત્મા'' તારો જ અંશ છે અને તેથી તું સર્વત્ર વસેલો છે.

પણ તને મેળવવા માટે કેટલાક લોકોએ જુદા જુદા ગ્રંથોની રચના કરી અને તેના કારણે જે જુદી જુદી ગરબડ ઉભી થઈ અને જેને જે ગમ્યું તેને તેણે ખરું માન્યું અને પુજ્યું. અને આમાંથી જ તો હોંસા-તોંસી ઉભી થઈ, તેથી જુદા જુદા પંથો, સંપ્રદાયો, ગચ્છો વગેરે અસ્તિત્વમાં આવ્યા.

નરસિંહ કહે છે કે આ બધું મનનાં જુદા જુદા ભાવો છે બાકી તને જે પ્રેમભાવમાં, ભક્તિભાવમાં ડુબી જઈ શ્રદ્ધાપૂર્વક યાદ કરશે તેની સમક્ષ તું જરૂરથી પ્રગટ થઈશ.

આ ભજન કવિતા વાંચ્યા પછી હું એટલા નિષ્કર્ષ પર પહોંચ્યો છું કે સર્વે ધર્મોના સ્થાપકોએ મુળ તત્ત્વ, મુળ સિદ્ધાંત એક જ કહ્યા છે, પણ કદાચ તેમની કહેવાની, સમજાવવાની રીત જુદી જુદી છે.

પણ આ મુળ તત્ત્વને સમજાવતાં તેમનાં અર્થ કરતાં તેમાં જુદા જુદા રંગ પુરાતા ગયા અને તેના કારણે જુદા જુદા સંપ્રદાયો, ગચ્છો ઉભા થતા ગયા અને એ ભુલ-ભુલામણીમાં મારા અને તમારા જેવી વ્યક્તિઓ અટવાતી ગઈ અને ધર્મનાં કેન્દ્રથી કેટલીય દુર ફંગોળાઈ ને ફેંકાતી ગઈ.

અંતે તો નરસિંહ કહે છે તેમ **''ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ હોયે.''**

ચાલો આવતા બે-ચાર અંકોમાં જુદા જુદા ધર્મોના તત્ત્વો પર થોડીક વિચારણા કરીને આપણા મુખ્ય વિષય ''જૈન ધર્મ મારી દ્રષ્ટિએ'' પર પાછા ફરીએ.

અહિં વિદાય લેતા પહેલા જૈન સાહિત્યમાંથી કાંઈક ટાંકવાનું અને તેના પર મનન કરવાનું મન થાય છે.

गुणेहिं साहू अगुणेहिं ऽ साहू गेण्हाहि साहूगुण मुंच ऽ साहू ।
वियाणिया अप्पगमप्पएणं जो रागदोसेहिं समो स पुज्जो ।।

-दसवैकालिक-९(३)-११)

ગુણોથી સાધુ થવાય છે અને અવગુણોથી અસાધુ થવાય છે, માટે સાધુ-ગુણોને (સાધુતાને) ગ્રહણ કરો અને અસાધુગુણોનો (અસાધુતાનો) ત્યાગ કરો. આત્માને આત્મા વડે જાણીને જે રાગ તથા દ્વેષમાં સમભાવ ધારણ કરે છે તે પૂજનીય બને છે.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन-वचन' માંથી)

અંતમાં જિનાજ્ઞા વિરૂદ્ધ કંઈપણ મારાથી આલેખન થયું હોય તો તેનું અન્તઃકરણપૂર્વક મિચ્છામિ દુક્કડમ.

# By thoughts, words and deeds

-Shilpa Ajani
B.Com,DG,FGA(Lon),FFIG

Once a Jain sadhu was meditating under a tree by the riverside. A scorpion crawled up to him from the nearby bushes and stung him. Unperturbed, the sadhu opened his eyes , picked up the scorpion, and gently put it back into the bushes.

The scorpion again returned after some time and stung the sadhu again. The sadhu once again put it back into the bushes, but this time the scorpion crawled into the river flowing nearby. The sadhu saw this and knowing that scorpions can't swim; he got up, picked the scorpion up from drowning in the river and again gently put him back in to the bushes. This went on for quite some time.

This whole incident was being watched by a group of children playing nearby. They were surprised at the sadhu's reaction. One of the boys asked him, " That scorpion is now and again stinging you with its poisonous tail, and instead of killing it,you are again and again putting it back into the bushes . How can you save someone who harms you ?"The pious saint replied with a faint smile, "The very nature of a scorpion is to sting. It is behaving according to its nature. My nature is not to harm but to save, not to kill but to protect, not to get angry but to have compassion. When this tiny creature is not shunning its nature, how can I, the one on the path of renunciation, deviate from my very own basic nature? Causing harm to any living creature on this earth, knowingly or unknowingly , by thought, speech or action amounts to violence and violence leads to suffering for one's own self first, before inflicting it onto others. Violence, no matter whether direct or indirect, microscopic or gross, leads to karmic bondage which is detrimental to one's liberation."

The children had now begun to see the monk's behaviour in a new light .One confused child, however asked, " How then do we live in a world filled with violence?" The holy one smiled once again and explained, " To respond to violence with more violence only leads to a chain reaction of disharmony and destruction, which ultimately benefits no one. On the other hand, non-violence (Ahimsa ) saves our energy, conserves our peace and paves the way for a better and a happier world, both within and outside. Ahimsa is not just an observance but the most supreme way of thinking and living. While tolerance can be seen as passive non-violence; unconditional love, kindness and compassion are non-violence in action! So children, always remember, as Bhagwan Mahavir has said : "There is no quality of soul more subtle than non-violence and no virtue of spirit greater than reverence for life."

Ahimsa is one of the three fundamentals on which the entire Jain belief system is based, the other two being Aparigrah ( non-possession) and Anekantvad(non-absolutism).We are lucky to have non-violence woven into our upbringing, where we are taught from very early childhood, not to hurt anyone nor harm even an ant. Our Jain way of living is based on the ideal of non- violence and yet whenever we become victims of any kind of violence, how do we react at times? A point to ponder, isn't it?

**Shri Arihant Co-operative Bank Ltd.**

Arihant Bank arranges a Webinar on UPI on 07th June 2020 at 11:30 AM.Please enroll by clicking on https://forms.gle/WL9X3skK5fNmn34M8 link. Registration will be on first cum first serve basis.

# REDESIGNING, RESETTING and REPURPOSING COMMUNITY GOALS

## Part- 2

### PROGRAMME PRESERVE and PROGRESS

If you meet any KDO from Kochi, Calicut, Coimbatore, Hubli, Gadag, Jalgaon, Nanded, Kolkata and from any all small towns of Maharashtra, Gujarat, MP, one common challenge all they face is that of dwindling population of KDOs in those towns due to migration of younger generation to big cities because of jobs and their parents have to follow them. Of course, this challenge is faced by all social groups in the country. Who will look after the more than century social assets of the community is a daunting uncertainty? This migration has also created many other social problems. Life in big cities is almost akin to just existence. Long distances, traffic problems, hardly any social life etc. are few of the challenges. Life in Mumbai or Thane suburbs in one room or one BHK, spending half of the best period of the day in local trains and many more challenges faced by new migrants is well known. The parents, who have been uprooted, have different adjustment stories to tell. The benefits of living in small cities, which now a days have almost everything, which big cities offer, are many, especially in these days of excellent communication networks.

I see a glimmer of hope for our small towns/ cities to find a solution to the above narrated challenge in the Post Corona life. If the respective Mahajans take prompt planned steps in a systematic and calibrated way, they can achieve the desired goals. It is just like India trying to see that industries in China are relocated in India.

The change agent is the increased popularity, by compulsion or otherwise, of the culture of WORKING FROM HOME.

What our Mahajans can do is to take advantage of this God sent opportunity. Some of the important small steps which may yield big results are enumerated hereunder:

1. Please listen and digest the message of the enclosed video.

**https://youtu.be/N7t-CMR7UOU**

2. Each Mahajan should assess its core competencies and plus points and plan to use them. For example, Gadag Mahajan has excellent religious and social infrastructure, educational institution, healthy climate, real estate etc.

3. Each Mahajan, either independently or jointly with other Mahajans or at EKKAM level prepare a blue print of PROGRAMME PRESERVE and PROSPER. Out- of - the -box thinking and professional approach will be the need of the hour.

4. Educate our children systematically so that they develop required skills which will be useful in working from home. Incentivise, if needed.

5. To attract our boys/girls from outside or GHAR WAPSI of local migrated boys provide attractions like housing facility, subsidised rents, good schooling, health care etc. Create an ambience and drive home the message that with their existing salary they can save much more and lead a happy and comfortable life. If few people come, then many more will follow. They be employees of an American companies but working from Kochi or Nashik or Gandhidham or Bhopal.

6. Provide better and powerful WiFi and broad band facilities and the world will be around you.

7. Mumbai Mahajanshri / Samast Mahajanshri can select on pilot basis few areas, train the KDO children in these skills. Once they are skilled, they can go to smaller towns leaving their present habitats and improve their lives and lifestyles. These efforts may not need big budget.

8.The Mahajans may co-ordinate will other Mahajans and synergise their efforts.

9. In this programme we should involve our youngsters, both in India and outside, who are already in the sectors requiring Work from home employees and their expertise and guidance.

10. Once the idea picks up, I am confident that our enterprising KDOs will improve upon this long-term Programme PRESERVE and PROSPER.

Let us convert the Corona Pandemic into an opportunity.

**सब का मंगल हो।**

# Awaken Early to Challenge in the Land of the Rising Sun

*- Divyang Kirankumar Momaya (Nagoya University, Japan)*

As a student taking up radical challenges in both technology and sport in the land of the rising sun, I get excited and inspired when I read about the outstanding academic or sporting achievements of the youth of our community. Having spent a few years experiencing the levels and depths of challenges in Japan, and having shared some of my experiences with young stars of our community at a meet on Japan, I was wondering about how our youth can explore whether Japan provides the tough challenges that many of them aspire for. In this article, I would like to share a few tips for fit, motivated or aspiring youth:

1. Exploring opportunities from an early stage: The post-Covid world may well be turned upside down, existing trends may be shattered and several challenges will crop up. But one thing is for certain, that new opportunities will simultaneously emerge. For many decades (or even centuries), looking towards the West had been almost a natural instinct for many of us. However, with the emergence of several Asian giants, this century is predicted to be that of Asia. For those of us interested in exploring the world, looking East may offer some exciting views.With the abundance of information in this IT age, why not make an effort to understand and explore some opportunities in countries which may have been less focussed on by us till now, but may hold exciting challenges, such as Japan. I think that cultivating a sense of inquisitiveness and explorative attitude in our youth from an early age may be the key to capitalizing on such opportunities.

2. Importance of academics and technological passion: Speaking out of personal experience, I can say that concentrating on your academics in school/college can open many doors for




**Competing at the IITB swimathon (L), and with my silver medal from IITB triathlon (R)**

higher studies in advanced countries. While marks are one aspect of academics, we cannot afford to neglect the importance of thoroughly understanding the fundamentals either.



**A view of Mt. Fuji, cherry blossoms and pagoda (PC: JW Webmagazine)**

Japan may seem like a small country, but for those of you particularly interested in technology, it may be worth exploring. On several key technological indices, Japan surpasses countries such as China, USA and Canada, and is undoubtedly one of the giants of the world.As we aspire to make India a technological/engineering superpower and self-reliant nation in the post-Covid era, there is a lot to learn from Japan as well, a country that rose from the ashes post WWII to reach stunning heights.

3. Building health and fitness:Having served as the captain of my school's basketball team for two years and competed against some elite players in

IIT Bombay, I was highly motivated for taking up my next challenge at Nagoya University's basketball team.

Over the past three plus years, I have experienced first-hand the differences in levels between India and Japan. Be it speed and stamina or skill and technique, levels in Japan are generally multiple times higher than those in India. However, the endurance that I had built from my early years, through participation in triathlons and swimathons, has served me well in my tougher challenges.

Hence, I wish to urge all young international-challenge-takers to focus on building high levels of health and fitness. Particularly in East Asian countries, it is not an exaggeration to say that fitness is a prerequisite for survival and growth.

4. Co-curricular skills may come in handy: I am sure that many of you are actively pursuing new skills during these lockdowns. Things like learning the language of the country you are interested in, or cooking skills (in particular for us vegetarians), can be extremely useful once you take up challenges in distant lands. Self-learning is something which will help you throughout your life, so inculcate that as soon as possible. Some day we need to come out of the tuition/coaching-for-everything culture. Japan also places a particular emphasis on teamworking skills, and one way to build them can be team sports such as football or basketball (albeit after the lockdowns).

These tips may be encouraging for some of you, and for others they may seem tough. But from my limited experiences, if you are really keen on adventures in Japan (an amazing country for tech-savvy students), these are essentials.

This pandemic is going to continue to teach us the skill of surviving through challenges. Might as well apply that to take up exciting next-level challenges and start preparing!

***PS: For comments or suggestions (or short clips of my basketball play), you are most welcome to email me at: divyang.momaya@rediffmail.com***

## SOCIAL TOGETHERNESS AFTER SOCIAL DISTANCING


Economic slowdown or depression is staring at us. I don't know whether it is written on the wall or not. Income is not under our control but expenditure is. So, what should be our response to the following issues at individual and social level.

1. With dwindling flows of income from all sources will we, as individuals, reduce our expenditure matching our income and not borrowing and spending? Should Income - expenditure should be savings or Income - Savings should be Expenditure.
2. Will the reduced income result in curtailment of lavish individual, social and religious expenditure on functions and days of simplicity, which were there few decades back, will return.
3. Corona has equalised the society in one stroke. Rich have realised at experience level, the futility of all material possessions. Before a non-living virus we all are equally helpless. Will this real realisation, which was earlier only at intellectual or talking level, change the fabric of society?
4. In psychology it is emphasized that if you do or don't do a particular thing for 21 days, you can cultivate your desired habit or attitude. Today we are locked out for atleast 62 days. Will our habits of simplicity, self-help, mutual understanding and help, dating with self, health consciousness, eating habits etc. change. Or like "Smasan Vairagya" they will be temporary and will spring back with great vigour in a year or two?
5. Will the style and strategy of businesses and professions change and if yes are we mentally and technologically equipped for that?
6. Similarly nature and quantam of jobs will change. Are we prepared for it?
7. Will we start thinking or doubting about the usefulness or otherwise of incurring expenses of Trillions of Rupees in the celebrations of religious functions instead of worshipping the Almighty in a simple and serious meditative spiritual understanding.

On all these subjects there can be and will be more than two opinions. Hence, I leave it to your wisdom and discretion to interospect over them and related issues and respond to them in action and deeds in the post Corona era. Please put your right and wise foot forward.

**- Tilakchand K. Lodaya, Chennai - 99406 36646**

# કુટુંબમાં એક સાથે ત્રણ વ્યક્તિઓના કોરોના પોઝિટીવ કેસ હોવા છતાં પરિસ્થિતિનો હિંમત અને નીડરતાથી સામનો કરી કોરોનાને સફળતાપૂર્વક માત આપનાર મૈશેરી અને દંડ પરિવાર....





રેશ્મા દંડ (શાહ)



વિવેક દંડ (શાહ)



ડેવીન મૈશેરી

સામાન્ય રીતે આપણે કોરોના યોધ્ધા એટલે હોસ્પિટલમાંના ડોક્ટર્સ અને મેડિકલ સ્ટાફ, રસ્તાઓ ઉપર ફરજ બજાવતા પોલીસો અને સફાઈ કર્મચારીઓ એમ સમજીએ છીએ. પરંતુ એવા કુટુંબો જેમાં બે-ત્રણ કે એથી વધારે કોરોના પોઝિટીવ કેસ એક સાથે સામે આવે તે છતાં જરા પણ વિચલિત થયા વિના પૂરી હિંમત અને દ્રઢતાથી પરિસ્થિતિનો સામનો કરી કોરોના સામેનો જંગ જીતે એ કુટુંબો પણ કોરોના યોધ્ધાથી જરા પણ કમ નથી. મુલુંડ(વેસ્ટ)માં ઝવેર રોડ સ્થિત વાસુપૂજ્ય દર્શન બિલ્ડીંગમાં રહેતા હંસકુમાર મૈશેરીના કુટુંબમાં ત્રણ વ્યક્તિઓ - તેમની સુપુત્રી રેશ્મા દંડ (શાહ), જમાઈ વિવેક દંડ (શાહ) અને પુત્ર ડેવીન મૈશેરીના - એક સાથે કોરોના ટેસ્ટ પોઝિટીવ આવી છતાં જે નીડરતાથી તેમણે આ પરિસ્થિતિનો સામનો કરી કોરોના વાયરસને માત આપી તે એક પ્રેરણાદાયક બિના છે. અહીં પ્રસ્તુત છે આ બાબતે રેશ્મા શાહની શાંતિલાલ નાકરએ લીધેલી મુલાકાતનો અહેવાલ.

● આપના કુટુંબનો કોઈ એક સભ્ય કોવીડ-૧૯ પોઝીટીવ છે તેની જાણ ક્યારે અને કેવી રીતે થઇ?રોગના લક્ષણો શું હતા?

**રેશ્મા શાહ :** અમારા કુટુંબમાં મારા હસબન્ડને થોડા દિવસથી ઉધરસ હતી એટલે અમે ઘરગથ્થુ ઉપચાર કર્યા. ઉધરસ પણ દરરોજ નહીં, પણ એક દિવસ આવે અને ૩-૪ દિવસ કંઈ ન હોય. ઘરના ઉપચાર પછી પણ ઉધરસ ન જતાં અમે ડોકટરનો સંપર્ક કર્યો અને ડોક્ટરએ અમને કોવીડ ટેસ્ટ કરવા સલાહ આપી. તેમની સલાહ પ્રમાણે મારા હસબન્ડની કોવીડ ટેસ્ટ કરાવી અને ૧૦ એપ્રિલના એમનો રીપોર્ટ પોઝિટીવ આવ્યો. આ રોગના લક્ષણોમાંથી એમને માત્ર ઉધરસ જ હતી, તે સિવાય અન્ય કોઈ લક્ષણ નહોતા.

● કુટુંબના એ સભ્યને ક્યાંથી ચેપ લાગ્યો હોવાની શક્યતા આપને લાગે છે?

**રેશ્મા શાહ :** મારા હસબન્ડ લોકડાઉન પહેલાં લોકલ ટ્રેન અને મેટ્રોમાં પ્રવાસ કરીને ઓફિસે જતા હતા એટલે એમને ઓફીસમાંથી અથવા તો ટ્રેન/મેટ્રોની મુસાફરી દરમ્યાન ચેપ લાગ્યો હોય એવી શક્યતા છે.

● કુટુંબમાં કોવીડ-૧૯ના પ્રથમ કેસની જાણ થયા પછી આપે શું પગલાં લીધાં?

**રેશ્મા શાહ :** રીપોર્ટ આવ્યા પછી અમે ડોક્ટરને જણાવ્યું. તેમણે હોસ્પિટલમાં એડમિટ થવાની સલાહ આપી. આ બાબતે ફેમિલીમાં ચર્ચા કરી અમે સૌએ મારા હસબન્ડને ફોર્ટિસ હોસ્પિટલ - મુલુંડમાં દાખલ કરવાનો નિર્ણય લીધો. ત્યાર બાદ અમે પરિવારના અન્ય સભ્યોની કોવીડ ટેસ્ટ કરાવી.

● કુટુંબના બધા સભ્યોના ટેસ્ટીંગ પછી કુલ કેટલા પોઝીટીવ આવ્યા?

**રેશ્મા શાહ :** કુટુંબમાં બધા સભ્યોના ટેસ્ટ થયા પછી પાંચમાંથી ટોટલ ત્રણની કોવીડ ટેસ્ટ પોઝિટીવ આવી જેમાં મારા હસબન્ડ વિવેક શાહ ઉપરાંત મારો અને મારા ભાઈ ડેવીન મૈશેરીનો સમાવેશ થાય છે. અહીં હું જણાવી દઉં કે મને અને મારા ભાઈને કોરોનાના કોઈ લક્ષણો ના હતા એટલે કે અમે બન્ને અસીમ્ટોમેટિક હતા.

● કુટુંબના બધા પોઝીટીવ સભ્યો તેમજ નેગેટીવ સભ્યો હોમ ક્વોરેનટાઈનમાં રહ્યા કે સરકારી અથવા ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધી?

**રેશ્મા શાહ :** કુટુંબના ત્રણ પોઝિટીવ સભ્યો એટલે કે હું, અને મારો ભાઈ રહેજા હોસ્પિટલ-માહિમમાં દાખલ થયા. મારા હસબન્ડ ફોર્ટિસ હોસ્પિટલ-મુલુંડમાં એડમિટ હતા જ અને બાકીના બે સભ્યો, મારા પપ્પા હંસકુમાર અને મમ્મી જે નેગેટીવ હતા એ ઘરમાં જ ક્વોરેનટાઈન થયા.

● સારવાર માટે શા ઉપાયો કરવામાં આવ્યા?

**રેશ્મા શાહ :** હોસ્પિટલમાં સારવાર દરમ્યાન અમને જનરલ એન્ટીબાયોટિક, મલ્ટી વિટામીન ગોળીઓ અને કફ સિરપ આપવામાં આવતા હતા. આ ઉપરાંત અમારું ટેમ્પરેચર અને ઓક્સિજન સેચ્યુરેશન નિયમિત ચેક થતું હતું. હોસ્પિટલમાં બહુ જ સારી રીતે અમને સારવાર આપવામાં આવી.

● આ સમય દરમ્યાન તમને ક્યારેય ડર, હતાશા કે માનસિક નબળાઈ આવી? જો હા, તો તેનો કેવી રીતે સામનો કર્યો?

**રેશ્મા શાહ :** આ સમય દરમ્યાન અમે પહેલેથી જ પોઝિટીવ હતા. અમે નક્કી કર્યું હતું કે જે પણ પરિસ્થિતિ આવશે એનો હિંમતથી સામનો કરીશું. આટલા કપરા સમયમાં પણ અમને કુટુંબીજનોનો સાથ સહકાર ખૂબ જ હતો તેથી કોરોના વાયરસનો ડર્યા વગર સામનો કર્યો. માનસિક રીતે પણ અમે ખૂબ જ સ્ટ્રોંગ રહ્યા. આ સમયે અમને અમારી બિલ્ડીંગના ચેરમેન અને સેક્રેટરી તથા બીએમસીના બધા અધિકારી તેમજ કર્મચારીઓની સાથે સાથે પોલીસ વિભાગનો પણ અમને ખૂબ સાથ સહકાર મળ્યો.

આપણા મુલુંડના વિધાનસભ્ય મિહિરભાઈ કોટેચાનો પણ અમને ખૂબ સુંદર સાથ મળ્યો. આ મુશ્કેલ સમયમાં સાથ આપનાર આ સૌ લોકોના અમે ખૂબ ખૂબ આભારી છીએ જેના કારણે અમારા કુટુંબના ત્રણેય સભ્યો આજે કોરોના મુક્ત થઈને સુખરૂપ ઘરે આવી ગયા છીએ.

● કોરોનાનો સફળતાપૂર્વક સામનો કરનાર યોધ્ધા તરીકે આપ લોકોને શું સંદેશ આપવા માગો છો?

**રેશ્મા શાહ :** કોરોના વાયરસનું ફક્ત નામ ડરામણું છે. નામ સાંભળતાં લોકો ગભરાઈ જાય છે પણ જો તમે માનસિક રીતે તૈયાર હશો તો આ વાયરસનો તમે સરળતાથી સામનો કરી શકશો. આ પરિસ્થિતિમાં સારા અને ખરાબ બંને અનુભવો થાય છે. લોકો દ્વારા કોવીડ દર્દીઓના નામ સાથે ફેક મેસેજીસ ફેલાવવામાં આવે છે. ઘણી સોસાયટીઓમાં કોરોના યોધ્ધાઓનું પુષ્પથી માનપૂર્વક સ્વાગત કરવામાં આવે છે જ્યારે કેટલીક સોસાયટીઓમાં કોરોનાથી લડીને સફળતાપૂર્વક પાછા ફરેલા દર્દીઓનો વિરોધ કરવામાં આવે છે જે ખૂબ શરમજનક વાત છે. મારો ફક્ત એ જ સંદેશ છે કે બિમાર સે નહીં, બિમારી સે લડો... Stay Home, Stay Safe.

● હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ પછી ઘરે રહી કઈ તકેદારી રાખી હતી?

**રેશ્મા શાહ :** હોસ્પિટલમાંથી ઘરે આવીને પણ અમે ૧૪ દિવસ હોમ ક્વોરેન્ટાઈનમાં રહ્યાં હતાં. ખાવા પીવામાં પણ અમે તકેદારી રાખી હતી. ગરમ પાણી તુલસી અને હલ્દીના અર્કવાળું પીતા હતા અને જમવામાં પ્રોટીન અને દહીં લેતા હતા. સાથે જ યોગ અને મેડીટેશન પણ કરતા હતા. અમે દિવસમાં બે વખત સ્ટીમ પણ લેતા અને રાત્રે હલ્દીવાળું દુધ પણ પીતા. સૂંઠ પાવડર પણ સવાર સાંજ વપરાશમાં લેતા.

**– ગુર્જરમાતમાંથી સાભાર**

## બૃહદ મુંબઈ ગુજરાત સમાજ દ્વારા ચિત્રલેખાના સહયોગથી નિબંધ સ્પર્ધા

### વિષયઃ આત્મ નિર્ભરતાઃ વ્યક્તિ સમાજ અને દેશ

**આપનો નિબંધ ફૂલસ્કેપ કે એ સાઈઝના કાગળની એક જ બાજુએ સુવાચ્ય અક્ષરે લખેલું (ટાઈપ નહીં) વધુમાં વધુ છ પાનાનો પોતાના ફોટોગ્રાફ, નામ, ઉંમર, સરનામું, મોબાઈલ નંબર, ઈમેલ અલગ કાગળ ઉપર લખીને નિબંધ સાથે તા. ૧૫ જુલાઈ પહેલા શ્રી હેમરાજ શાહ, પ્રમુખ બૃહદ મુંબઈ ગુજરાત સમાજ, રેખા પ્રકાશન, ૪૧, કરેલવાડી, ઠાકુર દ્વાર મુંબઈ- ૪૦૦૦૦૨ ખાતે મોકલવાનો રહેશે. સંસ્થાના અન્ય નિયમો લાગુ. પ્રથમ ઈનામ રૂા. ૧૧૦૦૦/-, બીજું ઈનામ રૂા. ૭૦૦૦/, ત્રીજું ઈનામ રૂા. ૫૦૦૦/- તથા ૨૭ આશ્વાસન ઈનામો રૂા. ૧૦૦૦/- (કુલ રૂા. ૫૦,૦૦૦ના ઈનામો)**

# કેડીઓ કીચન કવીન

જીવનમાં ઘણી ચીજો, ઘટનાઓ અને પ્રસંગો અણધાર્યા બની જાય છે. આમાં KDO KITCHEN KWEEN GROUP ના ઉદ્‌ભવ ની ઘટના નક્કી સામેલ કરી શકાય.

મલુંડ નિવાસી એડવોકેટ શ્રી ઉદય શાહ (લોડાયા), ચેન્નઈના સ્નેહી શ્રી તિલકચંદ કુંવરજી લોડાયા (નિવૃત્ત ચીફ કમીશ્નર, ઇન્કમ ટેક્સ) સાથે મોબાઇલ પર વાત કરતા હતા. તેઓશ્રી જ્ઞાતિજનોના વિષયો અનુસાર WhatsApp groups નું આયોજન કરી તેને ખૂબજ પ્રચલિત કરવા બદલ તેમને ધન્યવાદ આપતા હતા. ત્યારે તિલકભાઈએ એમનો આભાર માનતા એમનો એક વિચાર દર્શાવ્યો. એમણે કહ્યું કે તેઓ મહિલાઓના બે ખાસ વિષયોના બે ગ્રુપ બનાવવાં માગે છે. શ્રી ઉદયભાઈએ પોતાનો મોબાઇલ તેમના પત્ની શ્રીમતી હર્ષાબેનને આપ્યો. હર્ષાબેને સહર્ષ એક ગ્રુપ બનાવવાં અને ચલાવવા માટેની આગેવાની લેવાનું સ્વીકાર્યું. તેઓ એ પોતાની ટીમ બનાવી. તિલકભાઈએ આપેલ નામ KDO KITCHEN KWEEN (KKK) ની પસંદગી કરવામાં આવી અને નીચે જણાવેલ મુખ્ય ઉદ્દેશો સાથે યાત્રાની શુભ શરૂઆત તા. ૨૧-૪-૨૦૨૦ ના રોજ થઈ.

કેડીઓ કીચન ક્વીન - ૧. સૌ પ્રથમ વખત કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિ મહિલાઓનું સામાજિક સ્તરે આ ગ્રુપ બનાવવામાં આવેલ છે. ૨. આ ગ્રુપનાં ઉદ્દેશ નીચે મુજબ છે:

અ. આજના જમાનાનાં સંતાનોને ભાવતી આંતરરાષ્ટ્રીય વાનગીઓ બનાવવાની કલામાં પારંગત થવું અને હોટેલ્સમાં જવાનું ઓછું કરવું.

બ. આપણી પરંપરાગત વાનગીઓ વધુ આકર્ષક અને સુંદર રીતે બનાવવી;

ક. આપણી ભોજન પદ્ધતિ ધીરે ધીરે બદલવી જેથી કરીને આપણી સ્ત્રીઓને રસોડામાં ઓછો સમય ગાળવો પડે જેમકે તામીલ, બંગાળી અને મરાઠી સ્ત્રીઓ ગોઠવે છે.

ડ. આપણાં સંતાનોને રસોઈ કલામાં પારંગત બનાવવા જેથી કરીને આવા કપરાં સમયમાં આત્મનિર્ભર બની શકે.

ઇ. થોડાક કદઓ સંતાનોને આંતરરાષ્ટ્રીય સ્તરે પાકશાસ્ત્રમાં પારંગત બનાવવા.

ફ. કદઓ મહિલાઓનું કાયમી ધોરણે બહુમુખી ગ્રુપ બનાવવાનું જેનો ઉપયોગ સામાજિક અને આર્થિક વ્યવસ્થા પ્રગતિશીલ બનાવી શકાય.

ગ્રુપનાં ધારા ધોરણ બનાવી સભ્યોને અગાઉથી જણાવી દેવામાં આવ્યા.




અર્ધા કલાકમાં જ ૫૦૦ થી વધુ KDO મહિલાઓ સભ્ય બની ગઈ અને તેઓ ત્યારથી અવનવી રસથાળ પિરસતા રહ્યો છે. આથી ગ્રુપ સુત્રધારોના ઉમંગમાં અનેરી વૃદ્ધિ આવી ગયેલ છે.

સભ્યોમાં ઉત્સાહ અને કઈંક નવું શીખવાની અને કરવાની હોંશ અદ્વિતીય છે. આપણી મહિલાઓમાં વિવિધ વાનગીઓ બનાવવાનો અનુભવ છે, કુદરતી સૂઝ છે અને ઇશ્વરની બક્ષિસ છે. તેઓ પોતાનો અનુભવ જ્ઞાતિ બહેનો સાથે માણે છે અને ગમતાનો ગુલાલ કરે છે.

સુત્રધારો દર અઠવાડિયે અવનવી વાનગીઓ બનાવવાનું એક નવું task (વિષય) આપવામાં આવે છે. તેઓ પોતે પણ અલાયદી અને અવનવી વાનગીઓ મોકલે છે. અત્યાર સુધી નીચેના વિષયો આપવામાં આવેલ છે:

૧. બુંદીની વાનગીઓ. Innovations from humble boondi; ૨. Summer time Coolers- ઉનાળાના ઠંડા પીણા ૩. બચેલ રોટલીની વાનગીઓ- Dishes from left over chapaties; ૪ આપણી પારંપરિક વિસરાતી વાનગીઓ- Recipes from our vanishing Traditional dishes; ૫. Tea time cakes; ૬. મસાલા- Masala;

દરેક વિષય પર ૨૫/૩૦ વાનગીઓ આવે છે. આવી અવનવી અને મોઢામાં પાણી લાવનાર વાનગીઓની blog post face bookમાં આપવામાં આવશે.

KDO KITCHEN KWEEN GROUP 1 and 2 ના સુત્રધાર છે:

1 Harsha Uday Lodaya, Mulund, Mumbai;
2. Daksha Lajesh Mota, Navi Mumbai;
3. Urmi Hemang Lodaya, Dombivli;
4. Rashmi Rajesh Ajani, Chembur, Mumbai;
5. Manorama Tilakchand Lodaya, Chennai.

સમાચાર સંગ્રહ — સંસ્થા સમાચાર, જ્ઞાતિ સમાચાર, વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી કોઠારા જૈન મહિલા મંડળ

આ વરસનો ત્રીજો કાર્યક્રમ તા.૩૦મે ૨૦૨૦ શનિવારના રોજ યોજાયેલ. સમય સુચકતા ને ધ્યાનમાં રાખીને આધુનિક ટેકનોલોજી સાથે કદમ મિલાવી ઓનલાઈન સંગીતના સથવારે મંડળના પ્રમુખ શ્રીમતી કલ્પના દીપક ધરમશી એ રજુ કરેલ. એક નોખા અનોખા અંદાઝ સાથે પિરસાયેલ કાર્યક્રમ જેમાં સવાલોને તાલ બધ્ધ કંડારીને જૈન ધર્મ, વૂમેન એમ્પાવરમેન્ટ, બોલીવૂડ ક્ષેત્રોને આમેજ કરીને આબેહુબ તારવણી કરી નવિનતમ ઢબે 'કોન બનેગા કોઠારા ક્વીન'નું આયોજન કરેલ. જેમાં શ્રીમતિ તરલા શિયાલે 'કોઠારા ક્વીન'નું બિરૂદ હાસિલ કર્યું. ચેતના મોતા, તેજલ લોડાયા, લજિતા ખોના રનર અપ રહ્યાં હતાં.

તદુંપરાંત બેસ્ટ પર્ફોમર, સુપર સ્ટાર્સ, રોક સ્ટાર્સ વગેરે પણ ખિતાબો એનાયત થયા. સૌએ આ અવનવો, આહલ્હાદક કાર્યક્રમ, ઘરેથી સૌની સાથે માણ્યો.

### શ્રી પારોલા ક.દ.ઓ.શ્વે.મૂર્તિપૂજક જૈન શ્રી સંઘ

શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ની દિવ્ય કૃપા, તપચક્ર ચક્રવર્તી જિનશાસન શિરોમણી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની આજ્ઞા-આશિષ, સાહિત્ય દિવાકર પપૂ.આ.ભ.શ્રીકલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા., સરલ સ્વભાવી પ.પૂ.આ.ભ.શ્રી કવીન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા., આગમાભ્યાસી પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા. આદિના શુભાશિષથી સં.૨૦૭૬નું ચાતુર્માસ શાસન પ્રભાવિકા પ.પૂ.પુણ્યોદયશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ. સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ શ્રી પારોલા સંઘને પ્રાપ્ત થયેલ છે. ચાતુર્માસ પ્રવેશ જેઠ વદ બારસ તા.૧૭-૬-૨૦ના સવારના થશે.

### ભાવનગરનો વિક્ટોરિયા પાર્ક

મુંબઈના એસ.જી.એન.પી.ની જેમ ભાવનગરના મધ્યમાં વિક્ટોરિયા પાર્ક છે. લગભગ ૨૦૨ હેક્ટર વિસ્તારમાં પથરાયેલા આ પાર્કની સ્થાપના ભાવનગરના મહારાજા તખ્તસિંહજીએ ૨૪મે ૧૮૮૬ના રોજ કરી હતી. પાર્ક અનેક પ્રજાતિઓના વૃક્ષ, આયુર્વેદિક જડી બુટી અને વન્યપ્રાણીઓ ધરાવે છે. પાર્કમાં કૃષ્ણ કુંજ નામના તળાવ છે. પાર્કમાં ૧૬૬ જાતના પક્ષીઓ, ચાર પ્રકારના ઝેરી સાપ અને ૧૩ પ્રકારના વિષહીન સાપ નોંધાયા છે.

## વતનના વર્તમાન

### કચ્છી શિયાળ રશિયાના કેલેન્ડરમાં

રશિયામાં યોજાયેલા ૩૫માં વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી એવોર્ડ માટે વિશ્વભરના ૧૭૩ દેશોના ૧૧૭૫૦૦ ફોટોગ્રાફરોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં કુલ ૪,૧૮,૮૦૦ તસવીરો સામેલ થઈ હતી. આ ફોટોગ્રાફીની ટોચની ૧૫ તસવીરોમાં પાર્થ પ્રફુલભાઈ કંસારાએ ખેંચેલી શિયાળની તસવીર પસંદ થઈ છે. આ કચ્છી શિયાળનો ફોટો ફોસિલ પાર્ક નજીક લેવામાં આવ્યો હતો. જેને એન એલ સી કેલેન્ડરમાં પણ છાપવામાં આવ્યો છે. હવે આ ફોટો રશિયાના કેલેન્ડર માટે પસંદ થયો છે.

નખત્રાણાના પાર્થ કંસારાને ફોટોગ્રાફી માટે અનેક આંતરરાષ્ટ્રીય એવોર્ડ પણ પ્રાપ્ત થયા છે.

### ગાંધીધામ તાલુકો કોરોના મુક્ત

આદિપુરની કોવિડ-૧૯ હોસ્પિટલમાં ગાંધીધામના કુલ પાંચ કોરોનાગ્રસ્ત દરદીઓ દાખલ કરાયા હતા. એ બધા સાજા થઈ જતાં તાલુકામા એક પણ કોરોના કેસ રહ્યો ન હોવાથી તંત્રે ગાંધીધામ તાલુકાને હાલ પૂરતું કોરોના મુક્ત જાહેર કર્યું છે.



### કચ્છ યુનિ.ના નવા વીસી

કચ્છ યુનિવર્સિટીના નવા વાઈસ ચાંસેલર પદે ડૉ. જયરાજસિંહ જાડેજાની નિમણુંક કરવામાં આવી છે.

### આયુર્વેદિક હોસ્પિટલ દ્વારા રોગ પ્રતિકારક દવાનું વિતરણ

ભુજની આયુર્વેદિક હોસ્પિટલ દ્વારા દરરોજ સવારમાં રોગપ્રતિકાર શક્તિ વધારતી દવાઓના કાઢા અને સંશમ વટીનું વિતરણ કરવામાં આવે છે.

હોસ્પિટલ દ્વારા અત્યાર સુધી ૧૬૬૫૯ ડોઝ આયુર્વેદિક કાઢા, ૮૪૮૬ ડોઝ હોમિયોપેથી દવા અને ૪૯૬૦ સંશમ વટીનું વિતરણ કરવામાં આવ્યું છે.

### માનવ જ્યોતની કોરોના સેવા

ભુજની માનવ જ્યોત સંસ્થાના માધ્યમથી શહેરની વિવિધ સંસ્થાઓ, યુવક મંડળો, મહિલા મંડળો વગેરે ભોજન, રાશન કિટ વગેરે પૂરા પાડે છે.

૩૦૦ ફૂડ પેકેટથી શરૂ થયેલી આ પ્રવૃત્તિ આજે દરરોજ તાજા ગરમ ભોજનના ૨૬૦૦ પેકેટ જરૂરતમંદોને પહોંચાડે છે. શહેરની જૂદી જૂદી સેવા સંસ્થાઓ ભોજન તૈયાર કરી માનવ જ્યોત સંસ્થામાં પહોંચાડે છે. જે જરૂરતવાળાઓના ઘરે આ ફૂડ પેકેટ પહોંચાડે છે. ૭૮ વૃદ્ધોને ટિફિન તથા ૭૦૫૧ પરિવારોને ૧૦ દિનની રાશન કિટ વિતરિત કરાઈ છે.

### રેતી

કચ્છમાં નદીમાંથી ગેરકાયદે રેતી કાઢવાની પ્રવૃત્તિ વધી રહી છે. તાજી ઘટના ભચાઉની ‘ચાંગ’ નદીની છે. પહાડી વિસ્તારમાંથી આવતી આ નદીની રેતી ઊંચી ગુણવત્તાની મનાય છે.

### તીડનો તરખાટ

અમેજોન નદી (દ.અમેરિકા)માં પિરાન્હા માછલી માટે કહેવાય છે કે શિકારને ઝડપી લે તો કીડિયારાની જેમ શિકાર પર તૂટી પડતી આ માછલીઓ હાડકાં માંડ છોડે છે એવું જ તીડોનું છે.

ઈરાન-પાકિસ્તાન થઈને રાજસ્થાનના ખેતરોને સાફ કર્યા બાદ ગુજરાત થઈ મહારાષ્ટ્રમાં ઉતરી આવ્યા છે. હાલમાં મુંબઈમાં ગોરેગામથી મુલુંડ વિસ્તારમાં તીડના વાદળ નજરે ચડ્યા છે. જ્યાં લીલોતરી દેખાય ત્યાં તીડોના ધાડા ઉતરી પડી બધું સફાચટ કરી જાય છે. કોરોનાના કારણે થયેલા નુકસાનના તો હજી હિસાબ થયા નથી ત્યાં તીડોએ દુકાળમાં અધિક માસની આફત ઉતારી દીધી છે.

### સ્વરોજ માસ્કને જોરદાર પ્રતિસાદ

સમસ્ત મહાજનની સ્વરોજ સમિતિના માસ્ક નિર્માણ પ્રોજેક્ટને જોરદાર પ્રતિસાદ સાંપડ્યો છે.

કોરોના લોકડાઉનના પગલે ઘરબંદીના સમયમાં સદ્ઉપયોગના ઉદ્દેશથી એક ઉત્પાદક પ્રવૃત્તિ હાથ ધરવાના હેતુથી સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ નિશીથભાઈ દંડની પ્રેરણાથી મીનલબેન ખોનાના નેતૃત્વમાં એપ્રિલ ૨૩ના વેબીનાર યોજાયું હતું. નારીશક્તિ સમિતિના અન્વયે યોજાયેલા ઔદ્યોગિક વેબિનારનો ૯૦ જેટલા જ્ઞાતિજનોએ લાભ લીધો હતો.

વેબીનારમાં સરળતાથી તરત શરૂ થઈ શકે એવા માઈક્રો ઉદ્યોગ શરૂ કરવાની શક્યતાઓ વિશે ચર્ચા થઈ. જેમાં ખાસ કરીને કોરોના સામે રક્ષણમાં ઉપયોગી એવા માસ્કનું ઉત્પાદન શરૂ કરવાને જોરદાર સમર્થન મળ્યું. આ માટે જરૂરી મૂડી ઊભી કરવા તત્કાળ રૂ.૪૫૦૦૦નો ફાળો એકત્ર થયો. ઉત્સુક મહિલાઓનો ઉત્સાહ ન ઓસરે તે માટે હેમાબેન ગુલાબભાઈ છેડાએ શીવણ મશીન ખરીદવા રૂ.૨૦,૦૦૦ના દાનની જાહેરાત કરી સાથે જ જયશ્રીબેન કાંતિલાલભાઈ દંડ સહિત અન્ય અનેક દાતાઓ આ પ્રયાસને ટેકો આપવા આગળ આવ્યા.

ભારતભરમાંથી ૩૫ કેડીઓ મહિલાઓએ આરામદાયક પુનઃવપરાશ યોગ્ય સુતરાઉ માસ્ક બનાવવાનું શરૂ કર્યું. આ


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**
રાજ નીકેતન બિલ્ડીંગ, ભંડારકર રોડ, પોસ્ટ ઑફીસની સામે, માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537
હાથ અને મશીન ભરતની ભારે ફેન્સી સાડીઓ અને લખનૌ ભરતની કુર્તીઓ.
સોમવાર બંધ

**Exclusive Embroidery & Upto date Finishing**
Sachi Jari Mate Real Nam
જ્યોતિ
SILK SAREE EMPORIUM
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574 Sunday Closed
Originally at Zaveri Bazar since 1976

માસ્ક વિશ્વ આરોગ્ય સંગઠનની માર્ગરેખા મુજબ બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

કોરોના વાયરસ સામે રક્ષણ માટે આ એક સરળ સસ્તું અને ઉપયોગી સાધન છે. જેની દિવસો દિવસ માગ વધતી જાય છે. સ્વરોજ સમિતિ આગળ એની ડિમાન્ડ ઝડપથી આવ્યા માંડી ઝડપથી વધી રહેલી માંગ પૂરી કરવા માટે યોગ્યતા પ્રમાણે માસ્કની પૂર્તિ શરૂ કરવામાં આવી.

વિવિધ રંગોમાં ઉપલબ્ધ આ માસ્ક ડોંબિવલી, કલ્યાણ, થાણે, વડોદરા, ઈંદોર, હુબલી, ગદગ, ખામગામ, કારંજા, નાગપુર, અમલનેર, ડોંડાઈચા, ચાલીસગામ, ધુળિયામાં બનાવાઈ રહ્યા છે.

કેડીઓ મહિલાઓ ઉપરાંત આપણા સક્ષમ દિવ્યાંગો દ્વારા પણ લગભગ ૩૦૦૦ જેટલા માસ્ક બનાવવામાં આવ્યા છે.

આ માસ્ક ઉત્પાદક ટીમ ૩૦થી વધુ ખરીદદારો સાથે સંલગ્ન છે. જેમાં વ્યક્તિઓ, મહિલા મંડળો, સામાજિક સંસ્થાઓ, કંપની અધિકારીઓ, બેંકો, હોસ્પિટલો વગેરેનો સમાવેશ થાય છે. આ લખાય છે. ત્યાં સુધી ૧૫૦૦૦ માસ્કના ઓર્ડર છે. જે પૈકી ૭૫ ટકાથી વધુની પૂર્તિ કરી દેવાઈ છે.

### મુખ્ય પ્રધાનની સામાજિક કાર્યકરો સાથે કોન્ફરેંસ

તાજેતરમાં ગુજરાતના મુખ્ય પ્રધાન વિજયભાઈ રૂપાણીએ રાજ્યના ૩૩ જિલ્લાઓના સામાજિક કાર્યકરો સાથે કોરોના બાબતે વિડિયો કોન્ફરેન્સનું આયોજન કર્યું હતું.

કચ્છ કલેક્ટરની કચેરીમાં આયોજિત આ કોન્ફરન્સમાં પ્રબોધભાઈ મુનવર સહિત ૧૫ જેટલી વ્યક્તિઓ હાજર રહી હતી.

### તેરા પાંજરાપોળની દૂધ સેવા

તેરાની પાંજરાપોળ દ્વારા સરકારના જાહેર થયેલા નિયમોનું પાલન કરતાં નિઃશુલ્ક દૂધ વિતરણ કરવામાં આવે છે. એ માટે નલી મારફત લાભાર્થીને દૂધ પુરું પાડવામાં આવે છે.

### ઉદ્યોગો માટે ઉજળા સંયોગ

૨૦૦૧ના ધરતીકંપના પગલે કચ્છમાં ઉદ્યોગોનો માર્ગ ખુલી જતાં સંખ્યાબંધ નાના અને મોટા ઉદ્યોગ ધમધમતા થઈ ગયા. હવે આવી જ બીજી તક કોરોનાના કારણે નિર્માણ પામી છે.

કોરોના મામલે ચીનની ભૂમિકાના પગલે અનેક વિદેશી કંપનીઓ ત્યાંથી ઉચાળા ભરવાની તૈયારી કરી રહી છે. સાથે જ કોરોના મહામારીમાં દેશના અર્થતંત્રમાં પ્રાણ ફૂંકવા મોદી સરકારે જે લાખો કરોડ રૂપિયાના રાહત પેકેજ જાહેર કર્યા છે. એમ જણાવતા ફોકિયા (ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસો.)ના મેનેજિંગ ડિરેક્ટર નિમિષભાઈ ફડકેએ જણાવ્યું હતું કે સરકારે જાહેર કરેલો પેકેજ લગભગ કચ્છ ભૂકંપ વખતે જાહેર કરેલા પેકેજ જેવો જ છે. એ વખતે અર્થાત ૨૦ વરસ પહેલાં કચ્છમાં દોઢ લાખ કરોડનું રોકાણ આવ્યું હતું. આ નવા પેકેજમાં સમાજના દરેક શ્રેણીના ઉદ્યોગ, કૃષિ, ખનિજ ક્ષેત્રને પ્રોત્સાહન ઉપરાંત વિવિધ નીતિનિયમોમાં ફેરફાર દેશના અર્થતંત્રમાં ક્રાંતિ લાવી શકશે.

કચ્છના સંદર્ભમાં ફડકે એ જણાવ્યું હતું કે ખનિજ ક્ષેત્રે સરકારી ઈજારા ખતમ કરી રેવેન્યુ શેરિંગ કોલસાનું ગેસમાં રૂપાંતરણ (ગેસીફિકેશન)ના ઉદ્યોગ માટે સારા સંયોગ છે.

માઈનિંગ બ્લોક ખોલવાની નીતિ મુજબ કચ્છમાં બોક્સાઈટ અને કોલ બ્લોક ખુલતા કચ્છમાં એલ્યુમિના પ્રોજેક્ટની શક્યતા મજબૂત થશે. કચ્છમાં ચાયના ક્લે ભરપૂર માત્રામાં ઉપલબ્ધ છે. નીતિમાં સુધારથી ચાયના ક્લેના દોહનનો માર્ગ ખુલશે તથા ખનિજ ચોરી પણ અટકાવી શકાશે.

અહીં ઉલ્લેખ કરવો જોઈએ કે જાપાનની કેટલીક કંપનીઓએ ચીનમાંથી નીકળીને કચ્છમાં પોતાના એકમ શરૂ કરવાની ઈચ્છા દર્શાવી છે. આથી કચ્છમાં રોજગારની તકો વધશે તો આપણા માટે ફરી કચ્છમાં જ પ્રગતિ કરવાનો અવસર આવશે. એ માટે આપણે કચ્છમાં નવેસરથી વ્યવસાય શરૂ કરવાનું આયોજન કરવું જરૂરી બને છે.

### કચ્છ માટે ફ્લાઈટ સર્વિસ

એર ઈંડિયાની મુંબઈ-ભુજ વિમાન સેવા શરૂ થઈ ગઈ છે. આ ઉપરાંત અમદાવાદ-કંડલા ટૂ જેટ ફ્લાઈટ શરૂ થઈ ગઈ છે.


**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**

પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, ફુલહારી, ધારવાડી, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે.

તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે.

તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.

**સોનલ આર્ટ**

**Mob.: 99678 41792**

'શિવમ', ડી-૨૦૧, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

## લૉકડાઉનમાં સક્રિય દિવ્યાંગ ક.દ.ઓ. વ્યક્તિઓ

લોકડાઉનના ગાળા દરમિયાન સમય પસાર કરવો મુશ્કેલ લાગી રહ્યો છે. સાજા સમા માણસને તકલીફ લાગે તો દિવ્યાંગોની તકલીફની તો વાત જ મુશ્કેલ છે. ના એવું નથી? એ લોકોને પણ તેમને અનુકૂળ પ્રવૃત્તિઓમાં વ્યસ્ત જોઈ અહોભાવ થાય.

કર્ણ બધિર દિવ્યાંગ કુ. કવિતા રામજી ખોના બહુમુખી કલાકાર છે અને એ કલાના બળે સ્વનિર્ભર છે. એની મુખ્ય પ્રવૃત્તિમાં ડ્રેસ મેકિંગ, કેક મેકિંગ, સોપ, ચોકલેટ વગેરે બનાવે છે. આ સેલ્ફ ટ્રેઈન્ડ ચિત્રકાર દરરોજ ઓછામાં ઓછું એક સ્કેચ/ચિત્ર તો તૈયાર કરે ડ છે. આ ઉપરાંત અવનવી વાનગીઓ બનાવવી, પેપર બેગ નિર્માણ, સુલેખન વગેરે અનુકુળતા મુજબ હાથ ધરે છે.

**નીલેશ હીરાચંદ પટેલ**

પોતાના શીવણકામના હુન્નરનો ઉપયોગ કરી માસ્ક નિર્માણ વિક્રયનું કામ પણ કરે છે. તેમણે અત્યાર સુધી જાતે તૈયાર કરેલા ૩૫૦ જેટલા માસ્કમાંથી ૧૦૦ માસ્ક તો ઐરોલીના રેમ્બો સર્કસના કલાકારોને ભેટ આપ્યા છે.

**પ્રિયંક જયંતિલાલ નાગડા (કચ્છ)**

પ્રિયંકભાઈને પગના ફ્રેક્ચરના કારણે દિવ્યાંગતા આવી છે. પ્રિયંકભાઈ સાઈકલ રેસમાં ભાગ લેતા રહ્યા છે અને એની પ્રેક્ટિસ કરતા રહે છે. હમણા એમણે એક ઘોડાને મિત્ર બનાવ્યો છે. પ્રિયંકભાઈને આ ઘોડા સાથે રેસ લગાવવાનો વાદ લાગ્યો છે. ઘોડો દોડે, પ્રિયંક સાઈકલ દોડાવે. હાલ એમનું લક્ષ્ય ઘોડા અને પોતાની રેસ વચ્ચે અંતર ઘટાડતા જવાનું છે.

**પર્લ ગિરીશ મોતા (હૈદરાબાદ)**

પર્લ સફળ ખેલાડી હોવાની સાથે નૃત્યમાં પણ કુશળ છે. લોકડાઉન દરમિયાન તેની મુખ્ય પ્રવૃત્તિ વર્ક આઉટ દ્વારા ફિટનેસ દૃઢ કરવી, નૃત્યનો અભ્યાસ કરવો અને વિવિધ વાનગી બનાવવાનો શોખ પણ પૂરો કરે છે.

**પ્રશાંત દંડ (મુંબઈ)**

પ્રશાંત દંડ આંગળીઓનો જાદૂગર છે. એનો જાદૂ છે કેસિઓ વાદન. કોરોના લોકડાઉનના પગલે ઘરબંધી હોવાથી પ્રશાંત સિમ્પલી પોતાના કેસિઓ કી બોર્ડ પર વિવિધ મનોરમ ધુનોનો અભ્યાસ કરે છે. આમ જોયું કે આપણા દિવ્યાંગ (ભાઈ-બહેન) કોઈ ન કોઈ માધ્યમમાં પોતાનો સમય સારી રીતે પસાર કરી પોતાની કુશળતા વધારી રહ્યા છે. બધાને પ્રકાશ સમીક્ષાના અભિનંદન.



## શ્રી ગુલાબભાઈ ધનજી જૈન

### અમદાવાદ

કોરોના લોકડાઉનના કપરા સમયમાં દરરોજ ૭૦૦ થી ૮૦૦ ફૂડ પેકેટ્સનું જરૂરતમંદોને અમદાવાદમાં વિતરણ કરી એક મહિના દરમ્યાન તેમણે ૨૦૦૦૦ જેટલા ફૂડ પેકેટ્સનું વિતરણ કર્યું. તે બાલ તેમને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અર્બન કોમ્યુનીટી ડેવલપમેન્ટ ડીપાર્ટમેન્ટ તરફથી સર્ટીફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા છે.

**પ્રકાશ-સમીક્ષાના ડિઝીટલ અંક માટે જાહેરાતો આવકાર્ય છે.**

**મુકેશ ભવાનજી લોડાયા**

**9821154326**

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239

સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

CDO Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Date of Publication every month 5th & 20th
Postal Regd. No. MCS/217/2018-2020 WPP Licence No. MR/Tech/WPP-352/South/2018-20
Posting : 8/9 & 23/24 of Every Month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧-૦૩-૨૦ | મુલુંડ | શ્રેયાંસ, હિરલ ડોલર કાંતીલાલ વિકમશી | જખૌ | પુત્ર |
| ૧૬-૦૫-૨૦ | મુલુંડ/યુ.એસ. | વીર, નીરાલી, વૈભવ પિનાકિન જેઠાભાઈ છેડા | નલીયા | પુત્ર |

### આંતરજ્ઞાતિ લગ્ન

| | | | |
|---|---|---|---|
| ૧૪-૦૫-૨૦ | દહિસર | ચેતન જીતેન્દ્ર હરીલાલ જોષી | જામનગર |
| | મલાડ | ચારૂલ પ્રફુલભાઈ મુરજી લોડાયા | કોઠારા |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫-૦૫-૨૦ | નાની ખાવડી | નીલેશ લક્ષ્મીચંદ લોડાયા | નાની ખાવડી | ૪૩ |
| ૧૯-૦૫-૨૦ | ભાંડુપ | મણીલાલ હિરજી નાગડા | લાલા | ૮૧ |
| ૨૩-૦૫-૨૦ | ડોંબિવલી | આસ્થા, ચિંતન દિપક કલ્યાણજી મૈશેરી | જખૌ | ૩ દિવસ |
| ૨૪-૦૫-૨૦ | અમદાવાદ | વર્ધમાન દેવજી દામજી છેડા | સૂજાપૂર | ૮૧ |
| ૨૪-૦૫-૨૦ | રાયપૂર | જયાબાઈ (જમકુબાઈ) રતિલાલ કેશવજી શિયાલ | જખૌ | ૮૭ |
| ૨૫-૦૫-૨૦ | વિરાર | બાબુલાલ રામજી ગોવિંદજી લાપસિયા | દલતુંગી | ૬૭ |
| ૨૫-૦૫-૨૦ | ડોંબિવલી | ધનપતિ નરશી કાનજી મૈશેરી | મોટી સિંધોડી | ૭૪ |
| ૨૫-૦૫-૨૦ | વસઈ | રતનબેન વાલજી વીરમ નાગશી દંડ | સાંધવ | ૭૧ |
| ૨૬-૦૫-૨૦ | દૂર્ગ | હેમાબેન અતૂલ પાશ્વીર ધરમશી | તેરા | ૫૨ |
| ૨૬-૦૫-૨૦ | દહિસર | ગૌતમ માણેકજી ચાંપસી પાલાણી (ખોના) | કોઠારા | ૬૬ |
| ૨૬-૦૫-૨૦ | જલગામ | તેજકુમાર દેવસી ત્રિકમજી ખોના | મંજલ | ૪૯ |
| ૨૭-૦૫-૨૦ | મસ્જીદબંદર | પંકજ ચત્રભૂજ કુંવરજી પટેલ (મોતા) | તેરા | ૬૮ |
| ૨૮-૦૫-૨૦ | અમદાવાદ | મિતાબેન લહેરચંદ ગોવિંદજી કાનજી શિયાલ | જખૌ | ૭૩ |
| ૩૦-૦૫-૨૦ | પારોલા | જયંતિલાલ જેઠાભાઈ મૈશેરી | લાલા | ૮૨ |
| ૩૦-૦૫-૨૦ | ભરૂચ | જયવંતી રાજેન્દ્ર હેમરાજ મૈશેરી | જખૌ | ૬૭ |
| ૩૧-૦૫-૨૦ | આદીપૂર | ભારતીબેન અરૂણ હિરજી લોડાયા | માંડવી | ૬૫ |
| ૩૧-૦૫-૨૦ | ઘાટકોપર | વૈશાલીબેન સંજય સોમચંદ લોડાયા | સાંધાણ | ૫૦ |

## નવા બદલાયેલા સરનામા / ફોન નંબર

| | |
|---|---|
| **ખુશાલ મુલજી આણંદજી દંડ**<br>PS-3405 (ગામ-લાલા) | A-001/002, શ્રી સદ્‌ગુરૂ કૃપા સૃષ્ટી કો.હા.સો., ગાંવદેવી મંદિર પાસે, નાંદીવલી રોડ, દેશલે પાડા, ભોપર, ડોંબિવલી (ઈસ્ટ), MH ૪૨૧ ૨૦૧. મો. નં. 09821462010 |
| **સંજય કાંતીલાલ કેશવજી મોતા**<br>PS-5326 (ગામ-તેરા) | A-004, ટ્રેન્ડસેટ રીધમ, સર્વે નં.૭, સેરીલીંગમપલ્લી મંડલ, રંગારેડી ડીસ્ટ્રીક, કોંડાપૂર TG ૫૦૦ ૦૮૪. મો. નં. 09246551304, 9885657850 |
| **હિરજી કાનજી કેશવજી નાગડા**<br>PS-4021 (ગામ-નલીયા) | રૂમ નં.૬૭, પીપરમીન્ટવાલા સ્ટેટ, સ્ટેશન રોડ, એલ.બી.એસ.માર્ગ, ભાંડૂપ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૮. મો. નં. 9769886221, 09833608844, 09619425333 |

Printed, Published & Edited by : RAICHAND R. NAGDA on behalf of C.D.O. PRAKASH SAMIKSHA SAMITI and Printed at THE NEW MILLENNIUM PRINTERS, 314, Mathuradas Mill Compound, N.M. Joshi Marg, Lower Parel, Mumbai - 400 013. and Published from 13A, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Fort, Mumbai - 400 001